નરસીહ મહેતાના

પ્રભાત સંગ્રહ.

સર્વ વૈષ્ણવ ભકતોને માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર. હરગોવનદાસ હરજીવનદાસ.

ત્રણ દરવાજા—અમદાવાદ.



અમદાવાદ.

શ્રી "રત્નસાગર" પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

ઠે. માણેકચોક માડવીનીપોળ પાસે.

સંવત ૧૯૬૫

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૭૫૩ वर्गांक ·

पुस्तकनुं नाम ગુલાલ સંગ્રહ

विषय ૮ - : ૧

પ્રભાત સંગ્રહ.

૨૬૭૫
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

નરસિંહ મેહેતાનાં પ્રભાતિયા.

॥ શ્રી જસોદાજીએ શ્રી કૃષ્ણને જગાડયા તે વિષે. ॥

પદ ૧ લું–રાગ પ્રભાત.

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વીના ધેનમા કોણ જાશે;
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડેરો ગોવાળીયો કોણ થાશે. જાગને. ૧
દહિં તણાં દહીંથરા ઘી તણા ઘેબરાં, કઢિયલ દુધ તે કોણ પીશે;
હરી તાર્યો હાથીયો, કાળીનાગ નાથીયો, ભુમીનો ભાર તે કોણ લેશે. જાગને. ૨
જમુનાને તિરે ગોધણ ચરાવતા, મધુરીસી મોરલી કોણ વાશે ?
ભણે નરસૈયો તારા ગુણ ગાઇ રીઝિયે, બુડતા બાંહડી કોણ સાહાશે ? જાગને. ૩

પદ ૨ જું.

સમરને શ્રીહરી મેલ્ય મમતા પરી, જોને વીચારીને મુળ તારૂં,
તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો, વગર સમજે કહે મ્હારૂં મ્હારૂં. સમરને. ૧
દેહ તારી નથી જો તું જુગતે કરી, રાખતા નવ રહે નીશ્ચે જાયે;
દેહ સંબંધ તજે નવ નવા બહુ થશે, પુત્ર કળત્ર પરીવાર વ્હાએ. સમરને. ૨
ધનતણું ધ્યાન તું અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પીઉ અલ્યા તેને નવ પરખીયો, હાથથી બાજી ગઇ થયોરે ખોટી. સમરને. ૩
ભરનીંદા ભરયો રોઘી વેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં ન જાગે;
ન જાગતાં નરસૈયા લાજ છે અતિ ઘણી, જન્મો જનમ તારી ખાંત ભાગે. સમરને ૪

પદ ૩ જું.

ધ્યાન ધર હરીતણું અલ્પમતી આળસુ, જે થકી જનમનાં દુઃખ જાએ;
અવર ધંધા કરે અરથ કાંઇ નવ સરે, માયા દેખાડીને મ્રત્યુ વ્હાએ. ધ્યાન ધર. ૧
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખપાર ન્હોયે;
અવર વેપાર તુ મેલ્ય મીથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મ્હોયે. ધ્યાન ધર. ૨
પટક માયા પરી અટક ચરણે હરી, વટક્ય માં વાત સૂણતાજ સાચી;
આશનું ભુવન આકાશ સુધી રચ્યું, મુંઢ એ મુળથી ભીંત કાચી. ધ્યાન ધર. ૩
અંગ જોબન ગયું પલીત પીંજર થયું, તોય નથી લ્હેતો શ્રીકૃષ્ણ કહેવુ;
ચેતરે ચેત દીન ચાર છે લાભના, લીંબુ લ્હેકાવતાં રાજ લેવું. ધ્યાન ધર. ૪
સરસ ગુણ હરીતણા જે જનો અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે,
નરસૈંયા રંકને પ્રીત પ્રભુશું ઘણી, અવર વેપાર નહીં ભજન તોલે. ધ્યાન ધર. ૫

પદ ૪ થું.

હરીતણું હેત તને કેમ ગયું વીસરી, પશુરે ફેડીને નર રૂપ કીધું;
હાડને છેઠ કરી સહુ તને હાંકતું, આજ વધારીને માન દીધું. હરીતણું. ૧
શાંચીનું ગાળીયું, કંઠથી ટાળીયું, નેત્રના પાટા શ્રીનાથે છોડયા;
તે તણા ચરણને નવ ભજ્યો કૃતઘ્ની, તેન ગુણ પાડના હાથ જોડયા. હરીતણું. ૨
પગ ઠેકી કરી માગતો મુઠમતી, ઘાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવીંદ ગુણ ગાઇને નાચતા, લાજ આવે તને કર્મ હીણા. હરીતણું. ૩
લાંબીશી ડોકને ઝાંકલ ચાવતો, ઊંટ જાણો ઘણો બાર લાદે;
આજ અશ્વત જમે હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે, હરીતણું.
પીઠ અંબાડી ને અંકુશ માર સહી, રેણુ ઉડાડતો ધરણી હેઠો.
આજ ચુવા ચંદન આભૂષણ અંગ ધરી, વેગે જાય છે તું વેહેલે બેઠો. હરીતણું. ૫
અન્ન ને વસ્ત્ર ને આભુષણ સર્વ જે, તેહનો તુજને હતો ઉધારો,
નરસૈના સ્વામીએ સર્વે સારૂ કર્યું, તે પ્રભુને તમે કાં વીસારો. હરીતણું. ૬

પદ ૫ મું.

દેવા ટેવ તુજને પડી દીનપ્રતી પાળવા, કથ કમળા રહે સત સામા;
લાડ પાળે તેનો પાડ શો માનીએ, હાથ જમણો વળે મુખડામાં દેવા ટેવ. ૧
ગજતણી વારે તું ગરૂડ મુકી ધસ્યો, ઝુંડના મુખ થકી ગજ ઉગાર્યો,
ધાય નારાયણ નામ લેતા તદા, અધમ અજામેળને તુરત તાર્યો દેવા ટેવ. ૨
ભુપનું નોતરૂ ભાવ વીણ પરહર્યું, પ્રેમનું પારખું પરમ ડાહ્યો;
ભકતની ઝુંપડી જગત ઊંચી કરી, ભાજીને ભોજને તું ધરાયો. દેવા ટેવ ૩
દ્રૌપદી કેરી લજ્જા તણે કારણે, દ્વારીકાથી ધસ્યા એક સ્વાસે;
સાચ પાંડવતણી લાંચ નહોતી કશી, દુત થઇ આવીયા દુષ્ટ પાસે. દેવા ટેવ. ૪
કામ દ્રષ્ટે ક્રોડ કૃષ્ણ કહેતી હતી, ગોપીના ગોરસ લેઇ પીધા,
સવરીના બોરમાં સ્વાદ ઝાઝો ગણ્યો, મુનીતણા ટદમા માન દીધાં. દેવા ટેવ. ૫
વીશ્વપાળક એવું બીરદ પોતે વહે, એમ કહે સમરથ વેદ વાણી,
નરસૈયા રંકને ઝંખના ભજનની, આપ અજામેળડા અધમ જાણી. દેવા ટેવ. ૬

॥ ઇશ્વરનું કિર્તન કરવા વિષે. ॥

પદ ૬ ઠું.

કૃષ્ણ કીરતન વીના નર સદા સુતકી, વિમળ કીધે વપુ શુધ ન થાયે,
અડસઠ તીરથ શ્રીકૃષ્ણ કીરતન કથા, હરીતણા દાસ જ્યાં હેતે ગાયે. કૃષ્ણ. ૧
પુર્ણ પુરશોત્તમ નવલ રંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે;
કોટી ચીંતામણી કામધેનું તજી, મહિષીના પુત્રનું દુધ દોહે કૃષ્ણ. ૨
ગર્ગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મુકે;
તે બ્રહ્મ દ્વાર આવીને ઉભા રહ્યા, ગોપીકા મુખ જોવાને ઢુકે. કૃષ્ણ. ૩
અજ, ભવ સુરપતી સ્વપ્ને પેખે નહી, નેતી નેતી કહી નીગમ વાસે;
નરસૈયો રંક જશ ગાઇને રીઝવે, સહસ્ર મુખે શેષ પાર ન પામે. કૃષ્ણ. ૪

હરીનું સ્મરણ કરવા વિષે.

પદ ૭ મું.

હરી હરી રટણ કર કઠણ કળી કાળમાં, દામ બેસે નહી કામ સરશે;
ભક્ત આધીન છે શામ સુંદર સદા, તે તારાં કારજ સિદ્ધ કરશે. હરીહરી. ૧
અલ્પ સુખ સારૂ શું મુઢ ફુલ્યો ફરે, શીશપર કાળ રહ્યો દાંત કરડે;
પામર પલકની ખબર તુજને નહીં, મુઢ શું જોઇને મુછ મરડે. હરીહરી. ૨
મૅાહ પાપે કરી બુદ્ધી પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
ઇશને ઇર્ષા છે નહીં જીવ પર, આપણે અવગુણે રહ્યોરે અળગો. હરીહરી. ૩
પરપંચ પરહરો સાર રૂદીએ ધરો, ઉચરો હરી સુખે અચળ વાણી;
નરસૈયા હરીતણી ભક્તિ ભુલીશ માં, ભક્તિ વિના બીજું ધુળધાણી. હરીહરી. ૪

પદ ૮ મું.

બાપજી પાપ મે કવણ કીધા હશે, નામ લેતા તારૂ નીંદ્રા આવે;
ઉંઘ આળસ અહાર મે આદર્યો, લાભ વિના લવરી કરવી ભાવે. બાપજી, ૧
દિન પુઠે દિન તો વહી જાય છે, દુરમતીના મે ભર્યારે ડાલાં;
ભક્તિ ભુતળ વિષે નવ કરી તાહરી, ખાડયા સંસારનાં થોથા ઠાલાં, બાપજી. ૨
દેહ છે જુઠડી કરમ છે જુઠડાં, ભીડ ભંજન તારૂ નામ સાચુ;
ફરી ફરી વરણવું શ્રીહરી તુજને, પતિત પાવન તારૂ નામ જાચુ. બાપજી. ૩
તારી કરૂણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વીકળનુ બળ ન ફાવે;
નરસૈયા રંકને જંખના તાહરી, હેડ બેડી ભાગો શરણ આવે. બાપજી ૪

હરિજનની સંગત વિષે.

પદ ૯ મું.

તારા દાસના દાસની નિત્ય સંગત વીના, ભ્રષ્ટ થાય બુધરા મન મ્હારૂ;
દુષ્ટની સંગતે દુષ્ટ મતિ ઉપજે, શ્રવણ કીરતન નવ થાય તારૂં. તારા દાસના ૧
પુરણ વીષ પાનથી દુરીજન દોહેલા, વિષ પીધે તન તેજ મરશે;
તુજથકી વેગળા તેહની સંગને, જન્મ કોટી તણા સુકૃત હરશે. તારા દાસના. ૨
અમૃતની કુપમાં સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટળી તેણે,
પ્રહ્લાદ નારદે ગજ સંગત કરી, વશ કર્યાં વૈકુંઠનાથ જેણે. તારા દાસના ૩
ચતુરધા મુક્તી છે જુજવી જુકતીની, તાહરા તેહને નવ રાચે;
બેહુ કર જોડીને નરસૈયો વીનવે, જન્મો જનમ તારી ભક્તિ જાચે. તારા દાસના. ૪

ભક્તના મહિમા વિષે.

પદ ૧૦ મું:

તારા દાસના ચરણની રેણુ મસ્તક ધરૂં, જે થકી કોટી કલ્યાણ પામું;
નીરખતાં નેહશું નેત્ર અમૃત ઠરે ભવતણાં પાપ તે ક્ષણમાં વામું. તારા દાસના. ૧
ભક્તને ભેટતાં કીલ્મિષ નવ રહે, જ્ઞાન દીપક થકી તીમીર નાસે,
ધન્ય ધન્ય ભાગ્ય જે સાધુ સંગત કરે, કૃષ્ણ કીર્તન થકી કૃષ્ણ ભાસે. તારા દાસના. ૨
એક ક્ષણવાર જે સંત સંગત કરે, ધન્ય ઘડી જંતુની તેજ જાણે,
ભણે નરસૈયો ભવસાગર બુડતાં હરીજન નાવ નીશ્ચે પ્રમાણે. તારા દાસના. ૩

ઇશ્વરના મહિમા વિષે.

પદ ૧૧ મું.

મેં ગાયો બ્રહ્મ તે પરમ આનંદશું, કરમના જીવ તે ભરમ બોલે;
ધરમ ધુરંધરા તુજને જાણ્યા વીના, રત્ન ગુંજાકેરે એક તોલે. મેં ગાયો. ૧
નિગમ અગમ સુગમ હવો ગોપીને, તેહનો પાર કોઈ નવ જાણે;
રામની રૂપી તેને રૂચે નહી કામના, ભુમીના ભુતને ભરમ આણે. મેં ગાયો. ૨
પણ જ્યાંહાં બ્રહ્મ ત્યાં પરમ આનંદ છે, ન આનંદ ત્યા આનંદ હોયે,
નરસૈયો મદમતી ગાય છે ગુણ કરી, બ્રહ્મ ભજવા થકી મોક્ષ દેવે મેં ગાયો. ૩

સુદામા ચરિત્ર વિષે.

પદ ૧૨ મું.

સુદામાની સ્ત્રી સુદામાને કહે છે,—રાગ ઉપર પ્રમાણે.

જદુપતિ નાથ તે મીત્ર છે તમતણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે,
પ્રિત પુરવ તણી હેત ધરશે હરી, મનના મનોરથ સફળ થાશે. જદુપતિનાથ. ટેક. ૧
ઘેર બાળક સહુ દુ:ખ પામે બહુ, અન્નને વસ્ત્રથી રહે છે ઊણા;
નીરધન સરજ્યા પુન્ય કીધા વીના, કર્મના દોષ તે આવી પુણ્યા. જદુપતિનાથ. ૨
જદુપતિ જાદવો ભક્તિ વશ્ય માધવો, કરશે કરૂણા પ્રભુ દીન જાણી,
ગોમતી સ્નાનથી કોટી અઘ નાસશે, નીરખતા કૃષ્ણને પ્રેમ આણી. જદુપતિનાથ ૩
કુંથુને હળી મળી શીઘ્ર આવો વળી, જાણશે દુ:ખ અંતરજામી,
વિનતી મનમા ધરો આળસ પરહરો, સહાય થાશે નરસૈનો સ્વામી. જદુપતિનાથ ૪

પદ ૧૩ મું.

સાંભળો ભામની કાન ધરી કામની, કવણ કહાવું હું કૃપણ પાપી;
ત્રીભુવનનાથ તે મહીપતી માધવો, કેમ બોલાય ત્યા વાત ચાપી. સાંભળો. ટેક
દીવસ ઝાઝા થયા બાળપણને ગયાં, નરપતી નવ જાણે પ્રીત જુની;
દુબળો રંક હું ભીક્ષુક બાપડો, નવ લહું ચોકથી ખોટી સુની. સાંભળો. ૨
ઉગ્રસેન અક્રૂર ઉદ્ધવ છે તહાં બળભદ્ર ને અનીરૂદ્ધ પાસે;
માગી જેહા છે જ્યા હું ઉભો રહીશ કયાં, કોણ આવી માહારો હાથ સહાશે સાંભળો. ૩
જડીત રત્નો મણી કાંત્તી ભાસે ઘણી, તિમીર નાવે તેની જ્યોત પાસે,
ત્યા કેમ બોલી શકું વેણુ વદતો થકા, ધમણ ધમતો રહુ શ્વાસોશ્વાસે. સાંભળો. ૪
મૌન લેઈ રહો સુખ દુ:ખ સઉ સહો, ભોગવો કર્મ જે ભાગ્ય ચોટયુ;
દુર્જન લોક તે છોને લવતા રહે, નરસૈના સ્વામીનું બીરદ મોટું. સાંભળો. ૫

પદ ૧૪ મું.

સ્વામી સાચું કહ્યું બોલવુ નવ રહ્યું, કંથનાં વચન તે વેદ વાણી;
ભવતણું નાવ તે ભક્તિ જુધરતણી, તેહ હું પ્રીછવું સ્નેહ આણી. સ્વામી. ૧
નાથ હરી વેગળા ભક્તિ ભાવે મળ્યા, રાયને રંક તે એક ઘાટે;
લખપતિ કોટીધ્વજ મન નાણે રતિ, શુક સરીખા તહાં નથીરે સાટે. સ્વામી. ૨
અપ્રભુ દેવ દયાળ શ્રી કૃષ્ણજી, નીજ જન જાણીને સુધ્ય લેશે;
પ્રાતની રીત તે જાય નહીં વીસરી, બાળલીલા તણાં ચરીત્ર કહેશે. સ્વામી. ૩

નથી ... ને ... જાવા, કેમ કરી જાણશે કૃષ્ણ કામી.
હજી નથી આપણું વદન ... નીરખતાં લાજે નરસૈનો સ્વામી. સ્વામી. ૪

પદ ૧૫ મું.

વિનતી વળી કહું ભેટ લાવી દઉં, પોતિયે તાંદુલ ગાંઠ બાંધી;
જાણશે થોડે ઘણું ભાવ ભોજન તણું, ધન્ય તે કૃષ્ણ શું સ્નેહ સાંધો. વિનતી. ૧
ભિલડીનાં બોર તે ભાવે આરોગીયા, જુઠું અન્ન આહિરનું લીધુ.
ભકત વિદુરની ભાજી ભાવે જમ્યા, ભુપનુ નોતરૂ પાછું કીધું. વિનંતી. ૨
પેરે પેરે પાંડવ કષ્ટ નિવારીયા, ભકત કારણ કંઈ દુષ્ટ માર્યા;
ઊંચને નીચનું એને છે પારખું, પતિત અધર્મી કઈ કોટી તાર્યા. વિનંતી ૩
ભકિત વશ વીઠલો સંત સાથે મળ્યો, સમોવડને નત્ર ચુકે ટાણે;
સંત સમરે ત્યાંહા આવી ઊભો રહે, ભકતના મન તણો ભાવ જાણે. વિનંતી. ૪
જાઓ વેગે કરી નિરખો મુકિત પુરી, ધન્ય ધન્ય તારૂણીનો સ્નેહ ન્યાળો;
નરસૈના નાથને નિરખો નિશ્ચય કરી, કામનીયે કથને બાણ ઝાલ્યો. વિનંતી. ૫

પદ ૧૬ મું.

ચાલિયો વાટમાં જ્ઞાનના ઘાટમાં, મિત્ર મોહન તણું નામ લેતો;
ધન્ય એ નાર અવતાર સફળ કર્યો, કૃષ્ણ હે કૃષ્ણ મુખ એમ કહેતો. ચાલિયો. ૧
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણીને, લોભ કીધો ત્યાંહાં પ્રીત તુટે,
કહ્યું મે અબળા સુખે બેશી રહો, માગતાં તો બધો મર્મ છુટે ચાલિયો. ૨
માગીયું મેં નથી શું મુખે કહું કથી, ભોગ કર્મે જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતી નાથે મને રંક સરજાવીયો, એમ કરતો દ્વીજ દ્વાર આવ્યો. ચાલિયો. ૩
આવી ઉભો રહ્યો કંઠ ગદગદ થયો, કોટી સુરજ શશી જોત ભાસે;
ઉર ... આણીને હરીજન જાણીને, પોળીએ જઇ કહ્યું કૃષ્ણ પાસે. ચાલીયો. ૪
મંદીર તેડીયા ચાલીને ભેટીયા, ત્રીવીધીના તાપ તે સર્વ નાઠાં;
હેમ સીહાસન લેઇ બેસારીયા, તાબુતા વીપ્રનાં વસ્ત્ર ફાટયા. ચાલીયો. ૫
તેલ ફુલેલ મરદન કરાવીયાં, શુધ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકનાં પાવડી ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણોદક શીષ લીધું. ચાલીયો. ૬
પુનીત પીતાંબર પેહેરવા આપીયું, કનકને થાળે પકવાન દીધાં;
ભાવતાં ભોજન કરણ સાથે કર્યાં, લીધુ આચમન ને કાર્ય સીધ્યાં. ચાલીયો. ૭
કૃષ્ણે પલંગપર પોતે પધરાવીયા, દધીસુતા વીઝણે વાયુ ભરતાં;
સત્યભામાદીક નારી નીરખી રહી, નરસૈનો નાથ પદસેવ કરતાં. ચાલીયો. ૮

પદ ૧૭ મું.

ભાગ્ય જો જો બાઇ કૃપણ ભિક્ષુક તણું, રૂકમણી આદી સૌ નારી બોલે;
હળધર જોગ્ય તે ભોગ પહોંચાડાયા, આ અમરીષથી અધીક તોલે. ભાગ્ય. ૧
આ કૃપણ રૂપ તે પ્રગટીયું કયાં થકી, વસ્ત્ર મેલાં દિસે કર્મ ફુટયો;
ત્રીગુણને દુર્લભ સેજ રમા તણી, વશ કરી નાથને પાપ છુટયો. ભાગ્ય. ૨
આંખ અતિ ઠમકમે ધમણ મ્હોડું ધમે, ઉધરસે ને વળી નાક લુતો;
જો જો કૌતક હરી દેહ દશા ફરી, કૃપણ તે કૃષ્ણને સંગ સુતો. ભાગ્ય. ૩
... ઉઠીયા સ્નાને બેસારીયા, વદન પખાળવા નીર દીધું;

કનક ઝારી ભરી શીતળ જળ આપીયું, કનક કટોરે તે પાણી પાય [illegible]. ભાગ્ય. ૪
શ્રીમુખે બોલીયા કહોને બાંધવ તમો, બ્રહ્મચારી કે ગ્રહધર્મ કીધો;
કુશળ છે બાળ ગોપાળ સહુ તુમતણાં ભાગ્ય મોટું મને ચિત લીધો. ભાગ્ય. ૫
ગ્રહસ્થના ધર્મમાં હૂંય વળગી રહ્યો હુંને મારી વળી ગત ભુલ્યો,
મિત્ર સુદામાની શુદ્ધ લીધી નહી, કામની કેફમાં હું જ ડુલ્યો. ભાગ્ય. ૬
સાદીપ ગોરને ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દીવસ તે સુફળ કહાવ્યો;
એક રેણી રહ્યા વન વીષે આપણે, સરપણ લાગતા મેઘ આવ્યો. ભાગ્ય. ૭
અન્ન લીધા વીના ભુખ્યા બેશી રહ્યા, ગોરાણીએ આપણી પીડ જાણી;
વીસરી ગયું છે કે વાર તને સાંભરે, સદીપ ગોરની અચળ વાણી. ભાગ્ય. ૮
ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી, લાવશું ભાઇ તે લાગે મીઠી;
સંકોચતો ગાઠડી વિપ્ર આઘી ધરે, નરસઇના સ્વામીયે નજરે દીઠી. ભાગ્ય. ૯

પદ ૧૮ મું.

છપન ભોગ જ્યાં કોણ તાદુળ ત્યાં આપતા ઉર સંકોચ આવે.
જેરે જોઇએ તે આવી મળે કૃષ્ણને, તાંદુલ ભેટ તે તુચ્છ કહાવે. છપન. ૧
ધાઈ લીધા હરી મુઠી તાંદુલ ભરી, પ્રેમે આરોગીયા ત્રપ્તી પામી;
ઇંદ્ર કુબેરથી અધીક વૈભવ કર્યા, રૂકમણી કર ગ્રહ્યો શીશ નામી. છપન. ૨
એક રહ્યાં અમો એક બીજા તમો, ભક્તને અઢળક દાન કરતા,
પ્રેમદાયે પ્રેમનાં વચન એવાં કહ્યા, હાથ સાહયો ત્રીજી મુઠ ભરતાં. છપન. ૩
વનિતા વચન તે વીપ્ર સમજ્યો નહી, ચાલવા ઘર ભણી શીખ માગી;
નરસઈને નાથે દુરબળપણ ટાળીયું, ભુખના દુ:ખની બીડ ભાગી. છપન. ૪

પદ ૧૯ મું.

વિપ્ર ચાલ્યો વળી કૃષ્ન સાથે મળી, ચીતમા શોચી વીચાર કરતો,
આપ્યું તો કાંઇ નહી ત્રીઠ જાણી નહિ, તે તણો શોચ રૂદીયેજ ધરતો. વિપ્ર. ૧
અષ્ટમહાસીધ્ધી તણી રીધ્ધી નવ નીધી તણી, સંપતીમાં રહયો ભોગ માણી;
કામની કંથને હું દ્વારીકાં આવીયો, અમતણી ત્રીઠતો નવ જાણી. વિપ્ર. ૨
બાળ ગોપાળ જે વાટ જોતાં હશે, તેહને જોઇ અમો શુંય કહેશું;
મીત્ર મોહન તણું હેત જ્યારે પુછશે, કામનીને ઊત્તર કેમ દેશું. વિપ્ર. ૩
એમ ચીંતા કરે નેત્રથી નીર ઝરે, કરમની વાત મનમાંહી ધારી,
નરસૈનો નાથ તો અતિ ઘણો લોભીયો, પીતાંબરી પણ લીધી ઊતારી. વિપ્ર. ૪

પદ ૨૦ મું.

ધન્ય તું ધન્ય તું રાય રણછોડજી, દીન જાણી મને માન દીધુ;
નહીં મુજ જોગ તે ભોગ પહોંચાડીયા, આજ અમરીષથી અધીક કીધું. ધન્ય. ૧
કનકને આસને મુજને બેસારીયો, રૂકમણી કૃષ્ણનો હાથ સ્હાતાં;
હેત કરી કરી હરી ચરણ તળાસીયા ખટરસ ભોજન ખાંતે ખાતાં. ધન્ય. ૨
બાળપણા તણો સ્નેહ નવ વીસરીયો, મીત્ર મોહન તણી પ્રીત સાચી;
હેતથી હળીમળી માન દીધું મને, રંક બેસારીયો કનક માંચી. ધન્ય. ૩
ધન્ય ધન્ય કૃષ્ણજી સંત સેવા કરી, ધ્યાન ધરતો હું નીજ દ્વાર આવ્યો;
રત્ન જડીત મણી ભવન શોભા ઘણી, દેવ શું દ્વારીકાં લાવ્યો. ધન્ય. ૪

કનકની ભુમી ને રતનની ઝાંખલા, અર્કની જોત ઉદ્યોત દીસે,
ખાન ને પાન વીહાર સ્થાનક ઘણાં, કામની નિરખતાં કામ દીસે ધન્ય. ૫
સપ્તનવ વરસની દીઠિ ત્યા સુંદરી, નારી નવ જોબના બહુ રૂપાળી
સોળ શણગાર તે અંગ સુંદર ધર્યા, દેવ વીમાનથી રહ્યા નીહાળી. ધન્ય. ૬
સહુઆ દાસી મળી પાસે વિટી વળી, કામની કંથની પાસ આવી;
સ્વામીરે સ્વામી હુ દાસી છુ તમતણી, ચાલો મદીર વીષે પ્રેમ લાવી. ધન્ય. ૭
ગોમતી સ્નાન કરી કૃષ્ણજી નીરખીયા, પુણ્ય પ્રગટ થયું પાપ નાઠું.
તેથકી સ્મૃદ્ધી આ સકળ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું. ધન્ય. ૮
કૃષ્ણ કહેતાં તે નીજ ધામ પધારીયા, નવલ જોબન થયા નરને નારી:
વિનતી ઉચરતાં રજની વીતી ગઈ, નરસૈના સ્વામીની પ્રીત ભાગી. ધન્ય ૯

ગોપિયોના જન્મની તારીફ વિષે

પદ ૨૧ મું.

સારમાં સાર અવતાર અબળા તણો, જે બળે બળભદ્ર—વીર રીઝે;
પુરૂષ પુરૂષાતન હું કરૂ હે સખી, જેથી ન માહરૂં કાજ સીજે. સારમા ૧
મુકતી પર્યંતતો પ્રામી છે પુરૂષને, સત્ય જો સેવક ભાવ રાખે,
રસ ભર્યુ રસણ નાથ નોહોરા કરે, તે નહીં નાર અવતાર પામે. સારમાં. ૨
ઈંદ્ર આદીક અજ ઈશને મહા મુની, ગોપીકા ચરણ રજ તેહ વંદે;
ગોપીથી આપતુ અધમપણુ લેખવે, નરપણુ નવ રૂચે આપ નંદે. સારમાં. ૩
વેદ વેદાંત ઉપનીષદ ખટ મળી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્ય નીધી ભામની ભોગવે, અહોનીશ અનુભવ સગ લીધો, સારમાં. ૪
સ્વપ્ન સાચુ કરે ગીરધર શામળો, પ્રણમુ હું પ્રાણપતી પાયે જોડી,
પંથનુ પશુ જેમ પુઠળ વળગ્યુ ફરે. નરસૈના નાથજી નાથ તોડી, સારમાં. ૫

પરોઢિયે વેહેલા ઊઠવા વિષે.

પદ ૨૨ મું.

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સુઇ ન રહેવુ,
નીંદ્રાને પરહરી સમરવા શ્રીહરી, એક તુ એક તું એમ કહેવુ. રાત રહે. ૧
જોગીયા હોય તેને જોગ સંભાળવા, ભોગીયા હોય તેને ભોગ તજવા,
વેદીયા હોય તેને વેદ વીચારવા, વૈસ્ણવ હોય તેને કરણ ભજવા. રાત રહે. ૨
સુકવી હોય તેને સદગ્રંથ બાધવા, દાતાર હોય તેને દાન કરવું,
પતીવ્રતા નારને કંથને પુછવું. કંથ કહે તેતો ચીત્ત ધરવુ. રાત રહે. ૩
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ તે લેવો વીચારી;
નરસૈના સ્વામીને સ્નેહથી સમરતાં, ફેર નવ અવતરે નરને નારી. રાત રહે. ૪

અભક્ત વિષે.

પદ ૨૩ મું.

નંદના નંદશું નેહ જેને નહીં, તેરે માનવ ખર શ્વાન તોલે.
ભુતળ ભાર કરવાને એ અવતર્યા, પ્રેતની પેરે સંસાર ડોલે. નંદના નંદશું. ૧

દ્રષ્ટી થકી ટળો ભોગ તેના બળો, ધૈત્ર પડો તેના સુખ માથે;
જીવતા જન તેતો જમ જેવા જાણવા, પ્રીત નહી જેહને ક્રસ્ણ સાથે. નંદના નંદશું. ૨
કીરતી શ્રીક્રસ્ણની જીભગા નવ ભણે, તેરે મુખે દેવરાય તાણું;
ભણે નરસૈયો જેને જાણ્યા નહી, તેહનુ કુટુંબ સદાય કાણું. નંદના નંદશું. ૩

॥ ઇશ્વરનો પ્રેમ માગવા વિષે. ॥

પદ ૨૪ મું.

પ્રેમરસ પાંને તુ મોરના પીછધર. તત્વનું ટુપણું તુચ્છ લાગે,
દુબળા ઢોરનું કુશક મન ચળે, ચતુરધા મુકતી તારા ન માગે. પ્રેમ. ૧
પ્રેમની વાત પરીક્ષીત પ્રીછયો નહી. શુકજીએ સમજીને રસ સંતાડયો,
જ્ઞાન વૈરાગ્ય કરી ગ્રંથ પુરો કર્યો, મુક્તીનો માર્ગ સુધો દેખાડયો. પ્રેમ. ૨
મારીને મુકતી આપી ઘણા દૈત્યને, જ્ઞાની વીજ્ઞાની બહુ મુનીરે જોગી;
પ્રેમને જોગ્ય તો વ્રજતણી ગોપીકા, અવર વીરલા કાઇ ભક્ત ભોગી. પ્રેમ. ૩
પ્રેમને મુકતી તો પરમ વલ્લભ સદા. હેતુના જીવ તે હેતુ તુટે;
જનમો જનમ લીલા રસ ગાવતા, લહાણુના વહાણુ જેમ દ્વાર છુટે. પ્રેમ ૪
મેં ચહયે હાથ ગોપીનાથ ગરવા તણો, અવર બીજુ કાંઇએ ન ભાવે.
નરસૈયો મહામતી ગાય છે ગુણ ક્રી, જતી સતીને તો સ્વપ્ને ન આવે. પ્રેમ. ૫

વામનજીના જન્મ વિષે

પદ ૨૫ મું.

બળીતણે દ્વાર હરી વીપ્ર વામન હુવા, વેદની ધુન ગઇ ગગન ગાજી;
ઇંદ્ર પ્રસ્થથી બળી આવ્યો ઉતાવળો, જેરે જોઇયે તે દ્વિજ લ્યોને માગી. બળી. ૧
એક પુર્ણકુટી તણો ઠામ ભણવા કરૂ, બોલવું તે મારે મુળ સાચું;
વીપ્ર ફરે ઘણા લોભના વાહીઆ, દાન મટે ઘણો હું ન રાચું. બળી. ૨
લ્યોને દ્વિજજી તમે નવ નવા મંદીરો, ભુમી શુ માગીરે ત્રણ કરમા;
લ્યોજી ભંડાર બહુ કુચીયો સહીત વળી માગો હસ્તી મારા ઘરમાં. બળી. ૩
હસ્તી ભંડારને હુ લેઇ શું કરૂં, લોભીયાની નથી જાત મારી;
આગે વીધાતાયે વામન નીરમ્યો, વ્રત રહેતું મારે બ્રહ્મચારી. બળી. ૪
ચેતજે તું બળી શુક્ર કહે છળ પડયો, વીષ્ણુ એ વામન વેષધારી;
અશ્વ જગન સમે દાન અવની તણું: પાત્ર એવું કયાં મળે મુને મુરારી બળી ૫
હરીતણા ચરણ ઉપર નીર નામતાં, પાતાળમાં ભ્રગુસુત પેઠો ચાલી;
રીસ હ્રદયે ધરી ઘણું ઘણું રાયજી નેત્રમાં દર્ભની સેર ઘાલી. બળી. ૬
બાપડો બળીરાય પગતળે ચાંપીયો, પ્રભુ પાતાલનો કરી આપ્યો.
ભણે નરસૈયો હરીભક્ત આધીન છે, ઇદ્ર અવીચળ અધીકાર આપ્યો બળી. ૭

બ્રહ્મજ્ઞાન વિષે.

પદ ૨૬ મું.

જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચીત ચૈતન્ય વીલાસ તદરૂપ છે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે, જાગીને જોઉં. ટેક. ૧
પંચ મહાભુત પરીબ્રહ્મ વીશે ઉપન્યા, અણુ અણુ માંહી રહ્યારે વળગી;

ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં. થડ થકી ડાળ તે નહિ રે અળગી. જાગીને જોઉં. ૨
વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ સાખ્ય દે, કનક કુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોયે. જાગીને જોઉં. ૩
જીવ ને શિવ તો આપ ઇચ્છાયે થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈયો એ તેજ તું તેજ તું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યા. જાગીને જોઉં. ૪

પદ ૨૭ મું.

શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે, પંડીતો પાર નહીં પામો પાછે;
તંદુલા મેવાન ઘુપને વળગી રહ્યા, ભુખ નહીં ભાગે એમ હાલે થાયે. શરીર. ૧
રસના સ્વાદમાં સર્વે રૂંધાઈ રહ્યા, નિગતિ ચૂર જ્ઞાન વીનાર્યે ચુચે,
વાણિ વિજ્ઞાનમાં વિવિધ વાણીવડે, પરહરી વસ્તુને વળગે ચુથે શરીર. ૨
શબ્દ શીખ ખરા સકળ વિદ્યા ભણે, અધ્યાત્મ ઉચરે આવી ઓથે;
પ્રપંચ પિંડમાં રહ્યો અહંકાર નવ ગયો, આથડયો એમ અનલ કોઠે. શરીર. ૩
શાસ્ત્રકથા કહે રજનીમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરસૈયો જે ભેદ જાણી જુઓ, મે તો રચી કહ્યું પદ ચોથે. શરીર. ૪

॥ ઇશ્વરનું ધ્યાન ધરવા વિષે. ॥

પદ ૨૮ મું.

ધ્યાન ધર ધ્યાન ધર નંદના કુંવરનું, જે થકી અખિલ આનંદ પામે;
અષ્ટ મહા સિદ્ધિ તે દ્વાર ઊભી રહે, દેહના દુકૃત દૂર વામે. ધ્યાન ધર ૧
મોરના પીછના મુગટ મસ્તક ધર્યા, કુંડળ મકરાકૃત શ્રવણ ઝળકે;
નિલવટ તિલક તે સુભગ કેસરતણું, કંઠ મુક્તાફળ હાર ઢળકે. ધ્યાન ધર. ૨
પિતાંબર પલવટ કટિ તટ રુચિર છે, લલિત ત્રિભંગી વાલો વેણુ વાયે,
કદમના દ્રુમ તળે રાધિકા રસભરી, હરિને સંગ આલાપિ ગાયે. ધ્યાન ધર. ૩
મોરલીની ધુનિ સુણી વનિતા વ્યાકુળ થઇ, ગોપિકા ટોળાં વૃંદ આવે;
નરસૈયાને મન આનંદ અતી ઘણો, પુષ્પ મુક્તાફળ લેઇ વધાવે ધ્યાન ધર. ૪

પદ ૨૯ મું.

શા સુખે સુતો સંભાર શ્રીનાથને, હાય તે હરિ વિના કોણ સહાયે;
માત ને તાત સુત ભ્રાત ટાળે રજ્યાં, કોઇલી વેળા સૌ દૂર જાયે. શા સુખે. ૧
ઉંધે મસ્તક હતો ઉગ્ર તપ આચરી, ભક્તિ કીધી ભગવાન કેરી,
અંતરી પાસ બંધાયો માયાતણે, લપટી લાલચે લીધો ઘેરી. શા સુખે. ૨
દિવસે ચૌદશ ભમ્યો રાત નિદ્રા વિશે, સ્વપ્નમાં સાંભળે મોટી માયા;
મલક પરવાર નહીં હરીને ભજવા તણી જ્યાં લગી જીવ સંજોગ કાયા. શા સુખે ૩
ધન ધામે કરી મોહી રહ્યો બાળાપા, વેદના વીસરી ગર્ભ કેરી.
નાથ ત્રીલોકના હરીને સંભારીયા, જ્યારે રાખ્યો તો જઠરામાં ઘેરી. શા સુખે.
જાગરે જીવડા વાજ આવ્યો ઘણું, કેટલોએક પ્રતીબોધ દીજે,
નરસૈયાના સ્વામી! નીત્ય સંભારતા, દેહનાં દુકૃત દૂર કીજે. શા સુખે. ૫

ઉપદેશ વિશે.

પદ ૩૦ મું.

સત્ય સત્યે ભજો ચરણ ગોવિંદના, માનવી દેહ તે તત્વ કહીયે.
કૃષ્ણ કહો કૃષ્ણ કહો વળી વળી કૃષ્ણ કહો કૃષ્ણ કહેતા સહુ સુખ લહીયે. સાચું સાચું ૧

કૃષ્ણ સેવા તણી અમર ઇચ્છા કરે, મુદમતી માનવી કાંઈ ન જાણે;
કૃષ્ણનું નામ રખે હૃદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણજ પ્રમાણે. સાધુ સાચે. ૨
જેને જોવા મહા મુનીજન વન ભમે, વીઠલો વનમાં ગાયો ચારે;
ભણે નરસૈયો જે ચતુર નર તે ખરો, અહરનિશ કૃષ્ણ શ્રીકૃષ્ણ ધારે સાધુ સાચે. ૩

પદ ૩૧ મું.

પારકી કુંગે મહત્તા કરે પ્રાણીયા, પુન્ય પાખી સર્વ વાત ખોટી.
કે તેંતો કરેણુ કાદરા વાવીયા, કયાંથી જમે તુંતો દાળ રોટી. પારકી કુંગે. ૧
કે તેંતો દાન કદી આપ્યુ અન્નતણુ, કયાથી દુહે તુંતો ઘેર ઝોટી,
કે તેંતો કથીર સોનારને આપીયુ, કયાથી પહેર તુંતો કનક ટોટી પારકી કુંગે. ૨
પુણ્યથા રીદ્ધી છે પુણ્યથી સીદ્ધી છે, પુણ્યથી પહેરશો કગસો ટોટી,
ભણે નરસૈયો તુ પુન્ય કર પ્રાણીયા, પુન્યથા પામશે પદવી મોટી. પારકી કુંગે ૩

જસોદાના પુણ્ય વિષે

પદ ૩૨ મું.

ધન્યરે ધન્ય મહા પુણ્ય જશોદા તણુ પુત્ર ભાવે પરીબ્રહ્મ રાજે,
નંદનો નંદ આનંદ થઈ અવતર્યો, શેષ બલીભદ્ર સંગે બીરાજે ધન્યરે ધન્ય ૧
અમર આહીર અરધાંગ ગોપાંગના, વૃક્ષ વેલી સર્વે રૂપી રાણી;
ભક્ત તે રાધીકા મુકિત જશોમતી, વ્રજ વૈકુંઠ તે વદવાણી. ધન્યરે ધન્ય ૨
નીગમ વસુદેવજી ગાય ગોપી રૂચાં, દેવકી બ્રહ્મ નીવાહ કહાવે;
બ્રહ્મા કર લાકડી વણુ મહાદેવજી, પંચ વદન કરી ગાન ગાવે. ધન્યરે ધન્ય. ૩
ઇંદ્ર અરજુન અહંકાર દુર્યોધન, દેવતા સરવે અવતાર લીધા;
ધર્મ તે રાય યુધિષ્ટીર જાણજો, દાસનો દાસ નરસૈને કીધા, ધન્યરે ધન્ય. ૪

જશોદા શ્રીકૃષ્ણને જગાડે છે તે વિશે.

પદ ૩૩ મું.

ઊઠ ઉતાવળો ચાલને વીરલા, ગોવીંદ ગાયને વચ્છ ધાવે;
જાગને જાદવા જનની જશોદા વદે, કહાન કાં ઘણું તને નીદ્રા આવે. ઊઠ ઉતાવળો. ૧
દતધાવન કરો આળસ પરહરો, રજની તીમીર ગયું પહો ફાટ્યું;
કુર તે કરમળો શે ન શીસવતો, દહીં રે દામોદરા થાય ખાટું. ઊઠ ઉતાવળો ૨
બારણા બહાર બલીભદ્ર ઉભા રહ્યા, જોરે વહાલા તારી વાટ જોયે;
નરસઈના સ્વામીનું મુખડું દીઠડે, માતનું મનડુ અતીશે મોહે. ઊઠ ઉતાવળો. ૩

ઇશ્વરની ભક્તિ માગવા વિષે.

પદ ૩૪ મું.

મારા નાથજી મુજને ભકતી દેજો સદા, દીન જાણીને સંભાળી લેજો;
ભકતી આપો ભલા ભાવથી ભુદરા, અંતે આવી અહોનીશ રહેજો. મારા નાથજી. ૧
ભકતી કારણ મારો દેહ દુર્બળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાય;
આઠ મન સાથ જદુનાથ જો વીસરે, વળતી વલે માહારી કોણ થાય. મારા નાથજી. ૨
કર્મ [illegible] કરી ખાણુ ચારે ભરી, નામના નીસર્યો નામ તારી;
[illegible] [illegible] તીના જન્મ જાગે ઘણા, જનમ રહે જુગે રીદ્ધી હારી. મારા નાથજી. ૩

હું ગર્ભ નાના દુર્યોં નિત્ય ઉજાગરો, નવ કર્યો નાથજી શરણ પાખે;
ભગતિને ભુલતાં વારને ખુમ નહિ, બાંહ ગ્રહિ મુજને કોણ રાખે. મારા નાથજી ૪
અલ્પ આયુષ્યમાં કલ્પના બહુ બને, આજ કીધું વળી કાલ કરવું;
શ્વાસનો શો વીશવાસ નહિ નીમીશનો, આશ અધુરી ને એમ મરવું. મારા નાથજી ૫
ઉત્તમ મધ્યમ વરણ તું વીઠલા, પ્રગટ થઇને દરશન પમાડો;
નરસૈયા રંકને ટંક કરૂણા કરો, દીનબંધુ વળ્યો આંક આડો. મારા નાથજી ૬

॥ ઈશ્વર ઈચ્છાથી જે બને તેનો અફસોસ ન કરવા વિષે. ॥

પદ ૩૫ મું.

જે ગમે જગતગુરૂદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઇ નવ સરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો. જે ગમે. ૧
હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા, શકટનો ભાર જે શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણીપેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે. જે ગમે. ૨
નીપજે નરથી તો કોઇ ન રહે દુખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઇ દ્રષ્ટે આવે નહીં, ભવન પર ભવનપર છત્ર દાખે. જે ગમે. ૩
રૂતુ લતા પત્ર ફળ ફુલ આપે યથા, માનવી મુર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમા જેહને જે લખ્યું, તેહને તે સમે તેજ પહોચે. જે ગમે. ૪
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પુજે;
મન કર્મ વચનથી આપ માની લહે, સત્ય છે એજ મન એમ સુજે. જે ગમે. ૫
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વીના બીજુ સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિનેજ જાચું. જે ગમે. ૬

॥ ઈશ્વરના સ્વરૂપ વિષે. ॥

પદ ૩૬ મું.

અખિલ બ્રહ્માંડમા એક શ્રીહરી, જુજવે રૂપે અનંત ભાસે.
દેહમા દેવ તું તેજમા તત્વ તુ, શુન્યમાં શબ્દ થઇ વેદ વાસે; અખિલ. ૧
પવન તુ પાણી તુ ભુમી તું ભુધરા, વૃક્ષ થઇ ફુલી રહયો આકાશે;
વિવિધ રચના કરિ અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે. અખિલ. ૨
વેદ તો એમ વદે શ્રુતી સ્મૃતિ શાખ દે, કનકકુંડલ વિશે ભેદ નહોય;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવાં, અંત્યે તો હેમનું હેમ હોય. અખિલ. ૩
વૃક્ષમાં બીજ તુ બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરસૈયો એ મન તણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે. અખિલ. ૪

આત્મજ્ઞાન વિષે,

પદ ૩૭ મું.

જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહીં, ત્યા લગી સાધના સર્વ જુઠી;
મનુષ દેહ તાહરો એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વુઠી. જ્યાંલગી ૧
શું થયુ સ્નાન સેવા ને પૂજા થકી, શુ થયું ઘેર રહિ દાન દીધે;
શું થયું ધરિ જટા ભસ્મલેપન કરે, શુ થયુ વાળ લોચન કીધે. જ્યાંલગી ૨
શું થયું તપ ને તિરથ કીધા થકી. શું થયું માળ ગ્રહિ નામ લીધે;

શું થયું તીલકને તુલસી ધરવા થકી, શું થયું ગંગાજળ પાન કીધે. જ્યાં લગી ૩
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટ દરશન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે. જ્યાં લગી. ૪
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્વ દર્શન વિના, રત્નચીંતામણી જનમ ખોયો. જ્યાં લગી. ૫

પદ ૩૮ મું

અરધ્યા નામ ખાખ્યો પણ કામને ના લખ્યા, વૈરાગ્ય કેરા બીરદ ઝાલે;
ઘર વચ્ચે પુત્ર વીના જેવું પારણું, વર વીના જેવી જાન માલે. અરધ્યા નામ. ૧
વ્યાધીની વેદના વાચથી ના ટળે, કાલો ગગનમાં મેઘ ગાજે;
હરીને જાણ્યા વીના હરી કેરો જન થયો, વાત પકવાનથી ભુખ ન ભાંજે. અરધ્યા નામ. ૨
તું એમ જાણજે હરીજન હું થયો, વીષ્ણુ પદ ગાતા થયો મન ભકત ભવમાં;
કરણી તો કાગની હોડ કરે હંસની, હંસને તો હજી કહાડે લવમાં. અરધ્યા નામ. ૩
પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહી, કાગટ બ્રહ્મ દુર ભાળે;
અગણીત બ્રહ્મનું ગણીત લેખું કરે, દષ્ટભાવે કરી માન ઝાલે. અરધ્યા નામ. ૪
જે નીરાકારમાં જેહનું મન ગળે, બીન સંસારની ભ્રાંતી ભાગે;
દાસ નરસૈંયો તે તેને ચરણે નમે, જ્ઞાન વીજ્ઞાનની જોત જાગે. અરધ્યા નામ. ૫

॥ હારમાળાનાં પ્રભાતીયાં. ॥

પદ ૩૯ મું

તું શાનો ઠાકોર હું શાનો શેવક, મારા કરમના લેખ ભુંશા ન જાયે;
મંડળીક હારને પેર પેર પરભવે, છબીલાજી હવે કેમ થાયે. તું શાનો ૧
મુને કો કહે લંપટી કો કહે લોભીયો, કો કહે તાળ કુટીયોરે ખોટો.
સાર કર શ્રી હરી દીન જાણી કરી. હાર આપે તો કહું નાથ મોટો. તું શાનો. ૨
વેરાગ્યે મુજને અતીસે વગોવીયો, ભાગ્યોદય મુકી ઉપહાસ્ય કીધું;
દ્વાદશ મેઘ ત્યાં મોકલ્યા શ્રી હરી, આપના દાસને માન દીધું. તું શાનો. ૩
જ્યારે મુજને મહાદેવે કીરપા કરી, ત્યારે મે લક્ષમીનાથ ગાયો;
મામેરા વેળા તો લાજ જાતી હતી, ગરૂડ મુકીને તું ચરણ ધાયો. તું શાનો. ૪
મારે બેઉ પાસે સુંદરી બાંહ્ય કરે ધરી, કેશવ કીરતન એમ થાયે;
અભુજીયા લોક તે અસત્ય વાણી વદે, પુણ્યવંત લોક તે પ્રેમે ગાયે. તું શાનો ૫
હીરની દોરીયે હાથ ગુથાય છે, વાણુ થશે તો નીજ કામ સરશે;
દયા કરીને હરી હાર આપો મને, શામળા સહાય તે કુણ કરશે. તું શાનો. ૬
સોરઠમા મુને સહુ સાચો કહે, પુત્રીનું મોસાળું સારૂ કીધું;
નાગરી નાતમાં છકું ચડાવીયું, નરસૈંયાને અભેદાન દીધું. તું શાનો. ૭

પદ ૪૦ મું.

જોગણ જાગીયે રાય દમોદરા, ઉઠ જદુનાથ દેવાધિ દેવ ॥;
રાય મંડળીક મદ ભર્યો એમ ઓચરે, નરસૈંયા નાગરની સાચી સેવ ॥. જોગણ. ૧
ભકત પાલક દયાળ દામોદરા, દાસ નરસૈંને શરણે રાખો;
પતીજ છે મુજને મુરત તાહરી, નગર સાથે હરી નેહ દાખો. જોગણ. ૨

નિશદિન નરહરી નામ હૃદિયે વસો, પતિત પાવન તારૂં બરદ કહાવે;
ગ્રાહા થકી તમે ગજ મુકાવીયો, તેમ નરસૈયા નાગરને મુકાવો. જોગળ. ૩

પદ ૪૧ મું.

શ્રીકૃષ્ણ કૃપાનિધી કેશવા શ્રીહરી, હું અનાથ ને નાથ કહીએ,
મંડળીક હારસે પેરે પેરે પરખાવે, છબીલા શામળ મેને જાણીએ. શ્રીકૃષ્ણ ૧
સંસાર પરહરી નામ તારૂં જપું, તો પ્રભુ કાં પેરે ખરે પીડ.
અંતરગત અવીલોકન શામળા, તુજ વિના રદીયામાં કોણ ભીડ શ્રીકૃષ્ણ ૨
માહરા મનમાં હરખ પુરણ છે, તો મહારૂ દૂખ પ્રભુ શે ન જાણે.
ભણે નરસૈયો પુરણ પતીજ માહરે, મંડળીક મુજને મારે વાણે શ્રીકૃષ્ણ ૩

પદ ૪૨ મું.

સાર કરી શ્રીહરી દીન જાણી કરી, સન્મુખ થઇને તુ જોને આજ,
અમો નાગર જાહેર હઠ કરી બોલશું, નહી રાખું ત્રીકમા તોરી લાજ સાર કર. ૧
ગોકુળ માહી તુ ગાળો ખાતો ઘરે, નવનીત આહીરના લેતો ચોરી.
મહલ ચોરશું મુખ નથી બેસરતો, અમો લાજ રાખુંજ તોરી. સાર કર. ૨
બાહ્યા બહુ પેરે ગોપીને લાડ લડાવીયાં, અજ આહીરના લેતો ચાખી;
નટવાપણે રંગભોમ લીલા કરે, તે નાગર નરસૈયો રહ્યો છે સાંખી. સાર કર. ૩

પદ ૪૩ મું.

મોગરડે શું મોહી રહ્યો શામળા, હાર આપે તો તારી ખ્યાત વાધે,
નાગર તાહરૂ નામ ગાતો હતો, ત્રિકમ તુને કોઇ નહિ આરાધે. મોગરડે શું ટેક ૧
અરસ જાતી તણા લોક ટોળે મળ્યા, જેના સ્હાય કરશો તેની થાશે;
મૃત્યુને ભયે નરસૈયો બિહિતો નથી, તાહરો બરદ જગદીશ જાશે મોગરડે શું ૨
રજની સઉ વહિગઇ લાજ રાખી નહી, જોત ઝાખી થઈ જાય દીવા.
કેશવા કંઠથી માળ વહી કરો, પ્રેમે આરોપો નરસઇ ગ્રીવા. મોગરડે શુ ૩

પદ ૪૪ મુ.

હારને કાજે શું હઠ કરે શામલા, જાચવાને તારી પાસ આવ્યો;
રાધીકા સંગ તું વાત બેઠો કરે, કે શું વૈકુંઠથી તુંરે લાવ્યો હારને કાજે. ટેક ૧
તારૂ નામ વિશ્વંભર ધરયુ તેહિ રાશિયે, નંદના છોકરા તું છાશ પીતો,
ઓઢતો કામળી હાથમા લાકડી, ગાવડી ચારતો વન રહેતો હારને કાજે શું ૨
મારે માત તાત તું ભાત તું બુધરા, તુજ વિના દુઃખ તે કોને કહીયે;
ભણે નરસૈયો તારા ગુણ ગાઇ જીવીયો, એકલા ભુતલમા કેમ રહીયે. હારને કાજે ૩

પદ ૪૫ મુ.

હારને કાજે શું વિલંબ કરવો ઘણો, ન્હોય કૌસ્તુભ વિદ્રુમ માલા;
ઉજળાં પુષ્પ ને સુત્રનો તાંતણો, તેણે શું મોહી રહ્યા નંદલાલા. હારને કાજે ૧
હાચને મુકીને નીચને અનુસરયો, જોઇ નહીં જાદવા જાત કાગી;
રાજાની દીકરી રૂખમણી પરહરી, કુબજાને સદીર થયો નિવાશી. હારને કાજે ૨
રજની અલપ રહી લાજ તારી ગઈ, જોત ઝાખી થઈ જાય દીવા;
કેશવા કંઠથી માલવડી કરો, પ્રેમે આરોપો નરસઇ ગ્રીવા. હારને કાજે ૩

પદ ૪૬ મું.

આલ્યને હાર સુત નંદ વસુદેવના, આહને અધાપિ તારે લાજ થોડી;
કંસના ભયથકી નાશી ગોકુળ ગયો, આહીરશું પ્રીત જોડી. આલ્યને. ટેક ૧
તારી ગરજ માટે માબાપ તેં બે કરયાં, સુરને અસુર મુનિ સર્વ જોતાં;
કંસનો વધ કરયો કારજ તારો સરયો, માબાપ મેહેલ્યા તેં વ્રજ રોતાં. આલ્યને ૨
ભક્તિ કરતાં તુ આહીરનો નવ થયો, તો મુને હાર તું કેમ આપે;
ભણે નરસૈયો રજનીરે થોડી રહી. આલ્ય તસ્કર મુને સતાપે. આલ્યને ૩

પદ ૪૭ મું.

ઉઠને શામલા મુકી મન આંબલા, બોલ્ય નહિ શું જ અભિમાન માટે;
આલ્યને હાર કર્યાં પ્રગટ હવડાં કરૂ, તેં કામ કીધુ વંશીવટ ઘટે. ઉઠને શામલા ટેક ૧
આણુવરી નાર તે બોગવી ભુધરા, પરણુતાં પ્રથશું બેસે તારે;
હારને વાર થઇ ભાર ભાગી ગયો, શું કહુ નાથજી વારે વારે. ઉઠને શામલા ૨
કલિજુગ માહી પ્રતિત ગઇ લાખેણી. વૈષ્ણુવની વારે કોણુ ધાશે:
ભણે નરસૈંયા હું આજ હલવો પડયો, તાહરા ગુણુ હવે કોણુ ગાશે. ઉઠને શામલા ૩

પદ ૪૮ મું.

તને રોકી રહી રાધિકા રગ જામ્યો ઘણો, રસીયા રજની રહીરે, થોડી;
નદના નદ તું શાને આળસ કરે, નાગરા સાથે તેં પ્રિત તોડી. તને રોકી રહી. ટેક ૧
દૈત્યને પાલીને કામ પરજાલીને, ઇશ પદ પામીયો ઉમયા સ્વામી;
શામલા તુજને લોક લપટ કહે, થયો વ્યભિચારી કાનુડો કામી. તને રોકી ૨
હઠ કરે તેમ શુ હઠ કરો શામળા, ત્રુટશે સ્નેહ ત્રિકમ તાણે;
ભણે નરસૈયો જો જામની વહી ગઇ, મડલીક મારશે મુજને વાણે. તને રોકી ૩

પદ ૪૯ મું.

ઉઠરે અટપટા નથી બોલતો ચટપટા. લપટા લાજ તારી કે જાશે,
વ્રજપતી રંગમાં કેલ ઘરા કરે, તુજ વિના વારે તે કુણુ ધાશે. ઉઠરે અટપટા. ટેક ૧
ઉઠ તું ચરવડી શુ બેઠા હરખડી, વાત ચાડી પડી મુજ સાથે;
ભક્ત વત્સલ કહાવે તે ફોગટ ગયું, લાજ સેવકની તુજ હાથે. ઉઠરે અટપટા ૨
જીવ મારો જગમગે અંગ મારૂં ડગમગે, ટગમગે નેત્ર જોવાને રૂપ;
નરસૈયો લગભગે લોક સહુ જગમગે, કોપિયો મડલિક દુષ્ટ ભુપ. ઉઠરે અટપટા ૩

પદ ૫૦ મું.

નવ મેલે શામળા આવડા શા આંબળા, મામલા ઘણાં મનમાં કેમ રાખે;
કોટિ બ્રહ્માંડ પતિ ઝાઝુ શું કહુ કથી, વાલા વીસારી મને કેમ નાખે. નવ મેલે ટેક
ગજને ઉગારિયો ગિરિવર તારિયો, મારિયો રાવણુ લંક ભુપ;
રંક તું હારીયો કોણે તું તારીયો નારીયો મોહી રહ્યુ નીજ રૂપ. નવ મેલે ૨
મુકરે મરકટા જોઇ તારી છટા, અટકે અંગ સુકાશે વાલા;
નરસૈયો વીનવે પ્રીછવે શામલા, નિઠોર ન થઇયે નંદલાલા. નવ મેલે ૩

પદ ૫૧ મું.

ખરેખર કાનુડા તારૂ મન ચોદશ ભમે, જાણે નાગર કંઈ દાન આપે;
અલ્પ નામ લક્ષ્મીવર કરો લાભચ ખરા, રંકને લોભીયા શું સંતાપે ખરેખર ટેક ૧

તાંદુલ લઈ રિધ વિપ્રને મોકલી, ભુવન કીધુ વૈકુંઠ સરખુ;
મારેતો દાન તું જ્ઞાન તું ભુધરા, નિત્ય પ્રત્યે તારા ચરણ નિરખુ. ખરેખર ૨
મન મોટુ કરો હાર કંઠે ધરો, હરખીને વેહેલા મંડપ આવો;
ભણે નરસૈયો રજનીરે થોડી રહી, દુષ્ટ બંધન થકી મુજને મુકાવો. ખરેખર. ૩

પદ પર મું.

સદા તુ દયાળ હુ દીન દુઃખીઆરા, હે દિનાનાથ જોને વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હુ, કરો સંભાળ ગોપાલ માહારી. સદા તુ૦ ટેક ૧
દેવના દેવ સુણી દેવકી બાલકા, વિશ્વપાલક એવુ બરદ તારે;
એવું જાણી ઘટ તેમ કરો ત્રિકમા, અવર કો અધિપતિ નહીરે મારે. સદા૦ ૨
જો મ્હારા કરમો ભણી વિશ ભુધરા, તો પતિત પાવન તારૂં નામ જાશે;
છાડતા તો નથી છુટવુ શામળા, છાંડતા તો ઉપહાસ થાશે. સદા૦ ૩
દુષ્ટ ભાવે થકી તે હણી પુતના, જમદુતના ભયથી તે નિવારી,
મામકો નાર કિરતન કરી ઉધરી, તું વિના શરણ કુણ કરે મુરારી. સદા૦ ૪
તારા નામથી દ્રૌપદીને અંબર પુરાયા, દ્રુપદ પત્નિયો અચલ આગે;
તેમ તારા નામનો નરસૈયો જપ કરે, રાખ્ય શરણે તુને લાજ લાગે. સદા૦ ૫

પદ પ૩ મું.

દેવા ભકતનો ઇશ તુ વિષ્ણુ કહાવે સદા, કાગવતુ દાન તુને કમ ભાવે,
વિપ્ર સુદામાને નવનિધ આપી તે માહારી આગલ કેમ નાવે. દેવા ભકતનો. ૧
હવડા કૃપણ થયો જાણતા શે નથી, સદા સેવક જન પ્રતિપાળ;
નાશીને ગુફે જઈ પેઠો શુ શ્રીહરી, કાલયવનનો આપ્યો કાળ. દેવા૦ ૨
શિશુપાલ જરાસંઘ કંસ નરકાસુર, તેહ તણા બલમાન મોડયા,
પુતના અઘાસુર કેશી બકાસુર, વેર ભાવે તેના બંધ છોડયા. દેવા૦ ૩
ભકિત ભાવે જેણે તુજને ઉપાશિયો, ગર્ભવાસ તે ના આવરે વસતા;
ભણે નરસૈયો હુ ભાવથી વરણવુ, રખે ત્રિકમ મુને રાખો ટળતો. દેવા૦ ૪

પદ ૫૪ મું

કેટલાએક મલી વાત એવી કરે, દુષ્ટ બોલે મુખ વચન વાણી;
કામન મોહન કાઇ એક એકને, મંત્ર બળે એણે આણ્યુ પાણી. કેટલાએક. ટેક ૧
મંત્ર ને જંત્રની વાત જાણુ નહી, કેવલ કૃષ્ણ મે રૂદાયે ભાખ્યો,
પ્રલ્હાદ કારણ સ્થંભમાં પ્રગટિયા બાલક ધ્રુવને અવિચલ રાખ્યો. કેટલાએક ૨
ચાર પદારથ સુદામાને આપીયા તીરથ કેડી ત્રિલોચન કીધો.
અમરીશ રાજા ઉગારીયો શાપથી, ચક્ર ધરીને હરી શરણ લીધો. કેટલાએક ૩
વેવાઇએ મન વીચાર એવા કરી, મામેરાની ટીપ આપી માંહી.
ત્રણ સહસ્ત્ર સાડલા ત્રણ સહસ્ત્ર કાપડાં, ત્રણ સહસ્ત્ર ચુંદડી ચીર સાડી. કેટલાએક ૪
ત્રણ સહસ્ત્ર ચોલી કસબ કિનખાબની, રંગ જુદાને શોભિત તાજા;
ચાલુ ચણિયા બેઉ ખટ સહસ્ત્ર જ મલી, નહિં નુકસાન કઈ સર્વ સાજા. કેટલાએક ૫
તેણે સમયે વેવાઇએ એવુ કહ્યું, તમ પુત્રની સહુએ ઠઠ માંડી:
સહસ્ત્ર બે ચાર રૂપૈયા લે ઊછીના, નહિકર રાતમાં જાય છાડી. કેટલાએક ૬
દિકરીનુ સે તેનો કુંભિ પાપે પડે, હાંસે હલાહલ કોણ ખાયે.
લક્ષ્મિનો નાથ લજ્જા મહારી રાખશે, મામેરૂ કરયા વિના નહિ રે જાય. કેટલાએક ૭

તે વળા નાથજી લાદમજી લેઇને, પ્રિતે પ્રભુજી મ્હારી લાજ રાખી;
નરસૈયો વીનવે હાર આપો હરી, દાસના દુઃખ કેમ રહેશો સાંખી. કેટલાએક ૮

પદ ૫૫ મું.

કોણ આગલ જઈ વીનવુ વીઠલા, શ્રીપતી લાજ રાખોને મહારી:
દ્રુપતી લાજને કાજ આવ્યા હરી, દુઃખ પામી નહીં દાસી તારી. કોણ૦ ટેક ૧
પ્રગટ થાવા પ્રભુ ભુદર ભુધર, નરસઇના નાથ અતુ બરદ કહાવો.
સેવકનું સંકટ ટાળિયે ત્રિકમા, તો તમે કાનજી બજાર આવો. કોણ આગલ ૨
લોક દેખે સહુ દુઃખ દેઈ ભુખડુ, મંડલીક મદ ભરયા બુદ્ધ પાપી.
નરસૈયાના સ્વામી જેમ તેમ કરી, લાજ રાખી નાખો બંધ કાપી. કોણ આગલ ૩

પદ ૫૬ મું.

અવણે સુનો થયો શામળા શ્રીહરી, લક્ષ્મિનાથ શું નિંદ્રા આવે:
બિરદ મોટુ ધરયું પતીત પાવન તણું, શરણ આવ તેની આબ સાચો. અવણે ૧
દુષ્ટના દુષ્ટથી રક્ષ રમાપતિ, તમ વિના માહરે નહીં અવર સ્વામી.
હરિજન લોકને મન આનંદ બહુ, આર કોને કહુ શોક નામી. અવણે ૨
ફુલની માળ તે અધિક તુજને પસી, વીસરયા નાથ હુ મન ધારે,
નરસૈયાના સ્વામી વિલંબ ન કીજીએ, હાર આરોપિયે કંઠ મ્હારે. અવણે ૩

પદ ૫૭ મું.

દયા આણજ દામોદર દાસની, તુજ મારા મનની વિથ જાણે.
પ્રગટ થયું નામ ત તુ શક, શામળા, વીનતી મન આણો. દયા આણજ ટેક ૧
મારે મન તુ તન તુ ધ્યાન ધરણીધર, મિત્ર મોહન વિના નહી રે બીજે.
હાર આપ્યા વિના લાજ કહો કેમ રહે, દીન દેખી પ્રભુ મ ન રીઝો. દયા આણજ ૨
સાર કીધા વિના નેટ નથી છુટકુ, જન તારા ચરણની આશ આપી;
નરસૈયાના સ્વામી મા માગી રહુ, દેહ દામોદરા તુજને સોપી. દયા આણજ ૩

પદ ૫૮ મું

પરણીને પાંડે હાથશુ બાલઆ, લાજ નાવેરે કથ કેમ તુજને;
કેટી અપાર અપરાધ ક્ષમા કરી, મેહેર કરો માપસ રાખો મુંજને. પરણીને ૧
દાસને દાસીના દુઃખડા કાપવા, ધાઇને આવજો એક સ્વાસે.
આજ અલબેલડા અરજ સુણતા નથી, છુટકો નથી છબિલાજી નાસે. પરણીને ૨
જેવી તેવી દાસીની લાજના નાથને, પ્રીતમજી કેમ પ્રીત તોડી.
પ્રાણ જાશે તોય અવરને નહી ભજુ, હરિલા ના કહુછું બે હાથ જોડી, પરણીને ૩
સોલ સહસ્ર એકસો આઠ સ્ત્રી તાહરે, તેમા એક અધીક હુ દાસી તારી,
નરસૈયાના સ્વામી શુ કહુ તુજને હાર આપી સાય કરને મહારી. પરણીને ૪

પદ ૫૯ મું.

વિશ્વ પાલક કરું વીનતી વીઠલા, તુજ વિના દુઃખ કોણે જાણે,
વલવલતા મતલબી તપ જમીની, ત્રિકમા નિદ્રાશુ તજશો વહાણે. વિશ્વપાલક ૧
રોકયો શું રાધિકા કહ્યું જેનુ કરે, મુજપર દયા હરી શે ન આણે,
આવડો હઠ પ્રભુ નવ ઘટે તુજને, તુટશે સ્નેહ ત્રિકમ તાણે. વિશ્વપાલક ૨
આ અવસર નહિ સાચવો શામળા, તે તારી કીરતી કોણ વખાણે,
હાર નહીં આપો તો નરસૈને મારશે, સાહ લીધી મંડલીક રાણે. વિશ્વપાલક ૩

પદ ૬૦.

નંદના નંદ વાર લાગે ઘણી, દુરિજન લોકને શું હસાવો,
કોટી બ્રહ્માંડમાં ન્યુન નહી તાહરે, લક્ષ્મીવર તુને લાજ નાવે. નંદના નંદ. ૧
પેરે પેરે પરણ્યુ માન માગી કરી, કઠણ કાં થઈ રહ્યો કૃષ્ણ કામી,
કપટ ભાવે ભજ્યો તોય તુજને હરી, સાર સંભાળ કર જગત સ્વામી. નંદના ૨
કોણ વેળા થઇ હાર આપે નહી, સાંભળ શામળા વાત મારી,
નરસૈયાના સ્વામી માહરે દુખ નથી, મરતા લાજ જાશેજ તારી. નંદના ૩

પદ ૬૧.

પ્રથમ પ્રીત માંડી હવે શું રહ્યો શામળા. ન્યુન તારે હરી શીછે આજે,
કંઠમા કુસમની માળ તું ગ્રહી રહ્યો, તે કહો કૃષ્ણજી શાને કાજે. પ્રથમ પ્રીત. ૧
સાચી બાકત કઇ લોક જુઠા કહે, કેમ તજી કાનજી નાશી જાઓ,
નાથજી તું વડા મંડળિક મદ ચડયો, વારે વિશ્વંભર વેલા આવો પ્રથમ પ્રીત. ૨
મેહલ માગ્યા હવે પુષ્પના હારની, વાર લાગે ઘણી વિશ્વનાથ,
નરસૈયાના સ્વામી આશ તારી ઘણી, મુકશો નહી હરી ગ્રહ્યોરે હાથ, પ્રથમ પ્રીત. ૩

પદ ૬૨

હાર મધુસુદના આજ બહાલો થગો, રાખી ટંગમાં થયોરે સાસો;
હાર માહરું હીરા હશે શામળા, લોભી લક્ષ્મીવરા તે વિમાસો. હાર મધુસુદના ટેક ૧
મંડળિક ઉપર કૃપા કીધી ઘણી, દાસ પરથી દયા તે ઉતારી,
સંકટનો સાથી નહી તુજ વણુ શામળા, હું દીનાનાથ મહેં ન વિચારી. હાર મધુ. ૨
ભક્ત વત્સલ એવું બરદ છે તાહરું, હું રે વળગી રહ્યો તેની આશે,
પતિત પાવન હરી નામ છે તાહરું, વિપત પડે હવે શું વિમાસે. હાર મધુ. ૩
બાક નહિ વીઠલા તમ તણો તો રતી, પીડા પામુ હરી મુજ પાપે;
ભણે નરસૈયો મુને મંડળીક મારશે, જીવતો રહુ જો હરિ હાર આપે. હાર મધુ. ૪

પદ ૬૩

હાર હૈયા વચ્ચે શુંરે રાખી રહ્યો, કૃષ્ણ થયોરે તું કૃપણ કાળા.
થોડીક વારનો પરણો પ્રભુ તાહરો, રંક ગણે તું કરા નંદલાલા. હાર હૈયા વચ્ચે. ૧
તાહરા બળતણી હિમ્મત માહરે, તું રે આપીશને મારે લેવા,
તાહરા મનમા વાત કેવી હશે, દાસનો દાસ છું જેવો તેવો હાર હૈયા વચ્ચે. ૨
મરણથી માવજી હું તો ડરતો નથી, નેટ નિરવાણ આ દેહ પડશે;
હાર આપ્યા વિના મંડળિક મારશે, તે અપજશ તારે શીર ચડશે. હાર હૈયા વચ્ચે. ૩
કેટલી વેળા થઇ કરગરું કૃષ્ણજી, શું કહું શામળા વારેવારે,
નરસૈયાના સ્વામી આવોતો ઉતાવળા, તુજ વિના ભકતને કુણ ઉગારે. હાર હૈયા. ૪

પદ ૬૪.

હું જાચક તું દાતાર દામોદરા, માહરે મન બરદ સાચુ;
આપે ન આપે તોય તું ધણી ત્રીકમા, તુજ વીના બીજા કોને ન જાચું હું જાચક ૧
ભકત સુદામાની સાર કરી શામળા, નવનાધી આપી તુઠયા મુરારી;
ચતુરભુજ તેં ચંદ્રહાસ ઉગારીઓ, કીરતી ગાય છે જગત સારી. હું જાચક. ૨
ગુરૂ બાળક જેમ સદનથી લાવીયા અરજુન પ્રતીગ્ના વાચા પાળી;

બ્રાહ્મણના દશ પુત્ર હરયા હતા, વૈકુંઠનાથ તું લાવ્યો વાળી. કું જાચક. ૩
એવાં ઘણાં વળી બરદ છે તાહરાં, માહરે દુઃખ હરી કહું તુજને;
હાર નહી આપો તો મંડળીક મારશે, નરસૈયો કહે હરી રાખ્ય મુજને. કું જાચક ૪

પદ ૬૫.

વાર થઇ વીઠલા વેગે વારે ચડો, નાગરી નાતમા હાસી થાયે;
ભકત ઉદ્ધારીયા અનેક આગે હરી, તમ વીના કાનજી કોને કહેવાયે. વાર થઇ ૧
દ્રૌપદી કાજ વેગે મશી આવીયા, પુરીયાં ચીર અનેક ભાતે,
રાખીયે લાજ કરો કાજ હરી અમતણું, વીલંબ ન કીજે એજ વાતે. વાર થઇ ૨
જાગ્ય તુ જદુપતી સહાય શરણે સુણી, પ્રગટ થઇ માન દીધું,
આપ આયલ ને ચીર બહુ નવનવા, પુર્યાં પીતાંબર કાજ સીધ્યુ. વાર થઇ. ૩
જય હરી જય હરી હાર આપો મુને, કેસવા કીરતી રહે જગમા સાચી;
નરસૈયો નમી નમી કહે વાલા તુજને, જન્મો જન્મ તારી ભકતી જાચી. વાર થઇ ૪

પદ ૬૬ મુ.

રાગ—મેઘ મલ્હાર અથવા રામગ્રી રાગના પ્રભાતમા પણ ગવાય છે.

જીરે ચોદશ જોઉં તારી વાટડી, માગ્યા નાથ ન આવે,
મંડળીક ખડગ કાઢી રહ્યો, મુને કુણ મુકાવે. ચોદશ જોઉં તારી વાટડી. ૧
હઠીલાજી હઠ મુકીએ, હાર આપી મુજને;
મારયા પછી મારા નાથજી, લાજ લાગશે તુજને. ચોદશ જોઉં તારી વાટડી. ૨
જીરે ગજ કારણ ગરૂડ છાડીઓ, અણુએર ઉજાણ્યા.
નરસૈયાને હાર આપતાં, આવડું શુરે રીસાણા. ચોદશ જોઉં તારી વાટડી. ૩
જીરે વામન રૂપે બળી છળ્યો, ધરા ત્રણ પદ કીધી,
ઇંદ્રનું ઇંદ્રાસન રાખવા, સીધ બળીનેરે દીધી ચોદશ જોઉં તારી વાટડી. ૪
જીરે મોસાળું કીધું ભલુ, મથ ગાઠેરે નહોતો;
લક્ષ્મીજી લેઇ પધારીયાં, મુને કીધો સમોતો. ચોદશ જોઉં તારી વાટડી. ૫
રામાશું રંગે રમો, પ્રભુ મુજને વીસારી.
છબીલાજી તમ કંઠથી, હાર આપો ઉતારી. ચોદશ જોઉં તારી વાટડી. ૬
નરસૈયો વીનતી વીનવે, રાય દામોદર સુજાણ,
તમે હઠે નથી બોલતા, મંડળીક અજાણ. ચોદશ જોઉં તારી વાટડી. ૭

પદ ૬૭ મું.

વીવીધ વીચારી પ્રીતડી, જેને સારંગ રાતો.
હાર નહી આપો તો મારશે, મંડળીક મદમાતો. વીવીધ. ૧
કામી થયો તું કેશવા, મુને પરભવે પાપી;
લોભી થયો લક્ષ્મીવરા, પુતના તેં સંતાપી. વીવીધ. ૨
મ્હારી વહારે ચડોને વીઠલા નહીંતો બળ તુજ જાશે;
નરસૈયાને મંડળીક મારશે તાસ ગુણ કોણ ગાશે. વીવીધ. ૩

પદ ૬૮ મું—રાગ દેશી ફેર પ્રભાત.

મહા હઠીલો મુખથી ન બોલે જુઠડો છે જદુનાથરે,
ધુતારો ધરણીધર જાણ્યો અટકળે ન મુકે વાતરે. મહા હઠીલો. ૧

ગોકુળમાં તું થયો ગોવાળો, નવનીત કેરો ચોરરે;
ભરી ભગત સવરીનાં એંઠાં, જુઠડાં પ્રાસ્યાં બોરરે. મહા હઠીલો. ૩
પાપિન થઇ પેટજ ભરતો, લેતો ગુજરીના ધાનરે;
નરસૈયા કાવે હારને કજે, આવડું શુ અભિમાનરે. મહા હઠીલો ૪

પદ ૬૯ મુ.

મહા હઠીલો મુખથી ન બોલે, શામળો મહા કુજાતરે;
ધુતારો ધરણીધર જાણ્યો, આહિર તારી જાતરે. મહા હઠીલો ૧
ચચળ લપટ ચડી ખાતો, સઘળે કરતો સોર;
ગોકુળમા ગિરધારી રહેતો, નવનિત કેરો ચોરરે. મહા હઠીલો. ૨
તું ગુજર ઘનાઇને ઘેરે જાતો, ત્યા તુ ટાહાડો કુમરો ખાતો;
ઘનાઇ બાધતી ઘડો તાણી, ત્યા હુ મેલાવતો સારગપાણી. મહા હઠીલો. ૩
તે વેળા સભારો વાલા, દયા મનમા આણોરે;
મહારાજ મેધા નવ થઇએ, મને પોતાનો કરીને જાણોરે. મહા હઠીલો ૪
મારે રૂડે તારૂ રૂડુ, મહારે ભુંડે તારૂ ભુંડુરે,
મારી પત જાતા તારી પત જાશે, ત્યારે ગોકુળમાં કેમ રહેવાશેરે. મહા હઠીલો ૫
લોકો સહુ વરતા બોલેછે, હાક મારા કે ઉઘાડુ તારા;
નગર બરડક બોલા કહીયે, તે તમો નવ આણો હૈયે. મહા હઠીલો. ૬
અખુબાબુ શુતાએ પકડી રાખ્યો, તુજવણુ કુણુ કરે સહાયરે;
નરસૈયાને હાર નહિ આપે, ત્યારે તે વિના જશ કુણુ ગાયરે મહા હઠીલો. ૭

પદ ૭૦ મુ—રાગ મેવાડો.

નરસહ મેહેતો પોતાની પુત્રી કુંવરબાઇને કહે છે.

સાસરે પધારો રે મહારી કુંવરીરે, વિપ્રિત વદના રે વિસાર;
પીયર તમારૂં રે પુત્રી ટુંકડુ રે, છે શ્રી ગોકુળમાં પરિવાર સાસરે. ૧
હરિગુણ ગાતા રે ઘડપણ ગાળજે રે, સતસગે કરજે વળી સુવિચાર;
રૂદન ન કરશો રે રૂડિયા કારણે રે, નથી કોઈ આસનુ લેનાર. સાસરે. ૨
મારે નિરધનને દીકરી પેટે તુ પડીરે, કાંઇ ન તે સુખ;
નિઠોરને નાતે રે નટ નાગર તણીરે, ઠામ ઠામ દીધા બહુ દુઃખ સાસરે. ૩
એમ ન કીજે રે મારા તાતજી રે, રાખો શ્રી નાથજીશુ નેહ,
સાર ઘણી કીધીરે એણે શામળે રે, તે આજે કેમ દેશે છબીલોજી છેહ. સાસરે. ૪
જેણુને મામેરૂં રે હારયે પેહેલાં કરયું રે, રાખી દુષ્ટ સભામાં વળી લાજ;
હુંડીને શીકારીરે હરીયે હેવશું રે, તે હાર આપશે શ્રી મહારાજ. સાસરે. ૫
સાસરીયે જઈને રે હવે હું શું કરૂંરે, જયારે રૂઠડા સારગ પ્રાણ;
તમને જયારે રે મંડળીક મારશે ત્યારે અમે તજશું અમારારે પ્રાણ. સાસરે ૬

પદ ૭૧—આનબાઇ કહે છે.

આધારને કુંતો રે હરી મુને તાહરો રે, અમો અબળા દુરબળ નાર;
પ્રિતલડીને હુતી રે પેલા ભવતણી રે, તે ત્રીકમજી મેલી કેમ રે વિસાર. આધારને.
પટકુળ પ્રેમદાનાં રે પ્રીતે પુરીયાં રે, રાખી દુષ્ટ સભામાં લાજ;
દીન જાણીને રે અમને ક્યાં કરો રે, મેહેતાજીને મુકાવો મહારાજ. આધારને.

ગ્રાહને થકી રે ગજ મુકાવિયો રે, વારે તમે ધાયા અડવાણે અંગે;
દાસના દોહલા રે તમે સહી નવ શકો રે, શું સુતા છો અશાંખું રાણું આધારને. ૩
સોરઠને સમજુ રે હરજી હસાવિયું રે, હારને ઘણી લગી વાર;
હળવાંને પડયા રે સહુ હરખે ભરયા રે, વારૂ નહી કોધુ નંદ કુમાર આધારને. ૪
ગુણુણા સાંભળીને રે પ્રભુ સહી નવ શકોરે, એકના શા કરગો રે વિશ્વાસ;
દીન જાણીને અમને દયા કરો રે પુરો આગ આગળા કેરી આશ આધારને. ૫
વિનતી અમારીરે સ્વામી તમે સાંભળો રે, છોજી તમે ભકતવત્સલ ભગવાન;
કરજોડીને રે કહે છે વિનતી રે માનબાઇ માગે છે રે માન. આધારને. ૬

પદ ૭૨—રતનબાઇ કહે.

દામોદર દીનનેરે દરશન દીજીયે રે, વાલા તારા મોહુ ઘણા દુભાય;
જનમોજનમનોરે દાસ તમારડોરે, શામળીયાજી મોપ્યા છે બહુ સ્વભાવ. દામોદર ૧
નરસૈંયાને મંડળીક મારશે રે તમો પોહોચ્યા રાધાજી ઘેર;
ગોપીયોની સાથેરે પ્રભુજી રંગે રમેરે, સ્વામી તમ સેવકની શી ફેર. દામોદર. ૨
પ્રીતલડીના બાંધ્યારે પ્રભુજી પધારજોરે, આવોજી રંગીએ રાગ વિલાસ;
મોગરાની માળા રે લેતા આવજો રે, પુરો અમ અપના કરી આશ. દામોદર. ૩
અહાડ તો ભટકીરે અમો ભુલા પડયા રે પામ્યા શ્રી ગોકુળના તો ઠામ,
નરસૈંયા સાથેરે લઈ રહ્યા રસણું રે, તેમા નહી સરે શામળીયાજી કામ દામોદર. ૪
વૃન્દાવનમાંને લાડ લડાવીયારે તેવી પ્રભુ પુરો આમારીરે;
વિઠ્ઠલજી વિનતીરે શે નહી સાંભળોરે, અમો હરી ઇચ્છે તમારીરે નામ દામોદર. ૫
દીન જાણીનેરે અમને દયા કરોરે, નરસૈંયા મુકે છે રે માન,
એ છે વિનંતીરે રતનબાઈની રે, શામળીયાને કર છે રે સાન. દામોદર. ૬

પદ ૭૩—દાનબાઇ કહે છે.

શામળીયા સ્નેહીરે અમ ઘેર આવજોરે, કહુ મારા મનડા કરીરે વાત.
મોગરાની માળરે લટકતી લાવજોરે રસીયા જુઓ આવતી ગઇ બધી રાત. શામળીયા. ૧
કોડનો કૃષ્ણજીરે કામનીના પુરવારે, આવોજી સભા મધ્ય મહારાજ.
મહેતાજીનેરે મંડળીક મારશેરે લક્ષ્મીવર જાશે તમારીરે લાજ. શામળીયા. ૨
હાર ન આપ્યેરે અતિ હળવા પડયારે તે તમને કેમ ગમે છે નાથ,
વિનતી કરોનેરે કાન તમને કહુંરે બુડતાનો આવી ઝાલો હાથ શામળીયા. ૩
પ્રીતલડી પ્રભુ તમથી ઘણુંરે અમો બીજા કોની કરીએ આશ;
વેળા તે વીતીછેરે જાગી જુવો જાદવારે આશ નથી કહે શ્રી અવિનાશ. શામળીયા. ૪
વીલંબ કરયાથીરે વાત વણસી જશેરે, પ્રીતમજી પધારોને આ વાર;
દાનબાઈ કહે છે રે મોહનજી માનીયેરે, હરી મારા નોધરા આધાર. શામળીયા. ૫

પદ ૭૪ પાનબાઇ કહે છે.

મારા જદુપતી જાદવરે, વીનતી સુણોને વીશ્વાધાર.
શરણ તમારે છું હું શામળારે, તેયે વાલા કેમ નહી કરો વાર. મારા. ૧
સભા સહુ દેખતારે હાર હરી આપીએરે, બાંહ્ય પાંગળાને પોતાનું નામ;
સહાય સેવકનીરે કોડે કીજીએ, મેહેતાજી મનની પુરો હામ. મારા. ૨
ગોકુળમાં ગીરધારીરે રક્ષા કરી ગાયનીરે, ગોપીયોને ઘણા લડાવ્યાં લાડ;

તેમ મહેતાજીનારે આશ પુરીએ રે, અબળા માનું તમારો પાડ. મારા. ૩
જગમાં જનમીનેરે અમો ભુલા ફરયાંરે, નીજ ભક્તિ કરીને પામ્યા ઠામ,
બાંધ્યા અન્નની લાજ બધી નાથનેરે, પ્રીત કરી તમશું સુન્દરશામ. મારા. ૪
તમારે જગતમારે ભકતો અનેક છે રે, હમારે તો એક તમે ભગવાન,
પાનખાઇ કહેછેરે પ્રભુજી પધારીયેરે, વહાલા હાર આપીને રાખો માન મારા ૫

પદ ૭૫—રાગ મારૂ. સુરસેના સખી કહે છે.

શ્રીજી મારી વીનતી રે, તમ સાભળો સારંગ પ્રાણરે,
સંકટ તમને શું કહું વાલા, તમો છો ચતુર સુજાણ. શ્રીજી મારી૦ ૧
દાસને દુખ છે મોહલા, તે કેમ સહો છો મહારાજરે.
વીલંબ ન કીજે વીઠલા, હવે ગઈ સૌ તણી લાજ. શ્રીજી મારી૦ ૨
અમો હળવા પડયા દામોદરા તો, તારા ગુણ ઘણા ગાય,
બરદ ન પાળો બુધરા, તો અમે કેમ જીવાય. શ્રીજી મારી૦ ૩
સજ સે ન શ્રાચો શામળા તમે લાગળ બાંધો આજરે
હાર આપો હરી દાસને, જેમ જાય મંડળીકની લાજરે. શ્રીજી મારી૦ ૪
અમ વીના તમે એકલા, પ્રભુ શો કરશો વીલાનરે,
પરસ્પર છે કાનજી, અમને તમારી આશરે. શ્રીજી મારી૦ ૫
જળહળતા છો શામસુન્દરવર, અમો છુ તમારી નારરે,
નેહવીના નારી કેમ રહેસે, કાંઇ કરો મન વીચારરે, શ્રીજી મારી૦ ૬
સ્વામી ને નથી જાણતા, મન ઉતારોન રીસરે,
અપરાધ અમારા ક્ષમા કરો, નામે સુરસેના શીશરે. શ્રીજી મારી૦ ૭
અમો અબળા તમને નમુ, અમને કરો પમારરે,
નરસઇયાને ઉગારી લેજો, ત્યારે હસીયા વઇકુંઠરાયરે. શ્રીજી મારી૦ ૮
સુરસેનાની વીનતી, સાભળી દામોદર રાયરે,
આસનથી હરી ઉઠીયા, દાસને કરયો પ્રસાયન. શ્રીજી મારી૦ ૯

પદ ૭૬.

સુરસેનાની વીનતી જાણીરે, આસનથી ઉઠયા સારંગ પ્રાણીરે,
જળ હળતા બ્રહ્મ તે આવેરે, સખી હરખ ધરી વધાવેરે સુરસેનાની૦ ૧
સઘળી બાઇને બીડી આપીરે, રીસે બળ્યા તે સઘળા પાપીરે;
નવ જાણે નરસઇયો વીચારરે, આવ્યા મંડપમા દેવ મોરારરે. સુરસેનાની૦ ૨
સુખે બોલ્યા તે શ્રીજુગદીશરે, નામી સર્વ સખીને શીશરે.
તમારી સ્તુતી સહી નવ જાયરે, એમ બોલ્યા તો જાદવરાયરે. સુરસેનાની૦ ૩
સર્વ સખીને દીધું આલીગનરે, દીન વચન બોલ્યા જગજીવનરે,
સર્વ સખીને સમરાયા હારરે, નયણે વહેછે જળની ધારરે. સુરસેનાની૦ ૪
તમે શાને કરો વીલાપરે, હાર અરપું આપો આપરે,
તમો વેચો તો વેચાઉરે, કાચે તાતણે બાંધ્યો આવું રે. સુરસેનાની૦ ૫
બ્રહ્માદીકને વશ નહીં થાઉરે, વેદ વીધા હોય ત્યાં ન જાઉં રે,
એવું બોલ્યા શ્રી જુગદીશરે, નામી સર્વ સખી શીશરે. સુરસેનાની૦
જેને મન ઘણો અભીમાનરે, ત્યાંથી દુર સદા ભગવાનરે,

હુ તો સત્ય વચનનુ આપુરે, હુંતો લજ્જા સેવકની રાખુરે. સુરસેનાની૦ ૭
તમે જેરે આપો તે આપુરે, તો વચન કદી ન ઉથાપુરે;
તમને કહુ બોલનારી વાતરે, મેહેતાજીની વધારૂ ખ્યાતરે. સુરસેનાની૦ ૮
માટે કહુને કેદારો આવરે, તે વીના નહી હાર અપાવરે;
હું તો જશ લેઉ આસનરે, સત્ય માનજો મુજ વચનરે. સુરસેનાની૦ ૯
તમો પ્રાણથકી છો પ્યારારે, ક્ષણ એક ન મુકુ ન્યારારે,
એમ બોલ્યા દામોદર રાયરે, સહુ સખીઓને હરખ ન માયરે. સુરસેનાની૦ ૧૦

પદ ૭૭—રાગ આશાવરી.

સખીયોરે જ્યારે હરખજ પામી, ત્યારે રીઝયા સારંગપાણીરે;
હસી હસી વચન અમૃત બોલ્યા ધન્ય ધન્ય છે વઈષ્ણવ વાણીજી. સખીયોરે. ૧
કુવરબાઈ કહે કર જોડી, સાંભળો મારા તાતજી;
દામોદર રાયને ઘણા વહાલા છે, મ્હારા નાથજી સખીયોરે. ૨
ગીરીવરધારી ન કુન્જબીહારી, તે સાથે છ હેડજી,
દામોદરશું પ્રીત ઘણી ને રાગ કેદારાની જોડજી. સખીયોરે. ૩
મહેતાજી મન સ્થીર કરી રાખો, નહી મુકે નાથ તમારોજી,
દામોદરરાયને ઘણો વહાલો છે તે ગાઓને રાગ કેદારોજી. સખીયોરે ૪
મહેતાજી કહે પુત્રી માહરી ઈંયાળીયા કહુ તાહાએજી,
સાઠ રૂપૈયે ઘરેણે મુકયો છે, માટે કેમનો કેદારો ગાઈએજી. સખીયોરે ૫
ધરણીધર મેહેતાજીને મંદીર, ખત લખીને આપુજી,
તે રૂપૈયા આપ્યા વિના, જો ગાઉ તો જીભ કાપુજી. સખીયોરે. ૬
આટક સાંભળી મેહેતાજીની, સમજ્યા સારંગપાણીજી,
કેદારો મુકાવા ચાલ્યા, પ્રીત પુરવની જાણીજી. સખીયોરે. ૭

પદ ૭૮—રાગ કાલેરો.

કેદારો મુકાવાને ચાલ્યા તે ભક્તવત્સલ ભગવાન સ્વરૂપ,
ધરણીધર મેહેતાજીને મંદીર, લઈ ચાલ્યા મેહેતાનુ સ્વરૂપ કેદારો. ૧
ધન આપી ખત માગીરે લીધુ, મેહેતાજીનો મહીમા વધારયોરે બહુ;
ધરણીધર નાગરને ઘેરે, એક અપાગળી હુતીરે વહુ. કેદારો. ૨
તેને બેસી કહી સહુકો બોલાવે તેને મંદીર પધારયા ભગવાન;
મસ્તક હાથ મુકીને ઉઠાડી, તેનુ રૂપ કીધું લક્ષ્મીજી સમાન. કેદારો. ૩
એક પંથ બે કારજ કરીને, હરી આવ્યા જુનાગઢ મોઝાર;
મેહેતાજીને ખોળે ખત નાખ્યું અંત્રીક્ષ રહીને મોરાર. કેદારો. ૪
તારે દીપાતે સરવે દીઠુ, મંડળીક પાસે માગે માન;
નરસઈયો ઈશ્વરનો સેવક કહ્યું કરો હરીલા રાજન. કેદારો. ૫
અન્યો અન્ય સહુ વાત કરે છે, ખત આપ્યું દામોદર રાય,
નરસૈયાને મંદીર મોકલો, નહી તો આપણો મહીમા જાય. દારો. ૬
બાળાજેથી તતક્ષણ આવ્યા, કહે ધરણીધર સાંભળો દાસ;
હરીનાજન હરી સરખા જાણો, મેહેતાજીને લાગો પાય કેદારો. ૭

પદ ૭૯—રાગ સારંગ.

દ્વારીકાં મોહોત્યા કમળાપતી, રામાનંદ પ્રત્યે કહે વંનતી.
તમે જુનાગઢ લગી વેગે જાઓ, નરસૈયા નાગરને કરો પસાગો. દ્વારીકા૦ ૧
આવ્યા રામાનંદ સભા મોઝાર, એવે ધરણીધર કહે છે વીચાર;
મેહેતાને રૂપે આવ્યા ભગવાન, અપંગ વહુ કીધી લક્ષ્મી સમાન. દ્વારીકા૦ ૨
ગરથ આપી ખત લીધું હરી, ધરણીધર વાણી ઓચરી;
આપાત સાંભળીને દીલગીર થયા, મંડળીક રાય વીચારી રહ્યા. દ્વારીક. ૩
અન્યો અન્ય વરાા એ ન્યરે, વૈષ્ણવ સાથે દ્વેશ કોણ કરે;
લક્ષણવંત ગંગોદક ભરયો નરને નગર વૈષ્ણવ ખરો. દ્વારીકા ૪
ગાએ રત્ન ગળાવ્યું રાય, રત્ન જડે ને જીવે ગાય;
એવી પ્રીત દામોદર કયારી કરે, ભાગી ભોગળ હરે કડે ધરે દ્વારીકા. ૫
તે માટે મેહેતાને મોકલો ઘેર, આતમણશું નવ કીજે વેર,
વેર કીધે નવ થાયે ભલુ, તે માટે કહીયે એટલુ. દ્વારીકા ૬
એમ સભાજન સરવે કહે તે તો મંડળીક સરવે લહે;
પ્રગટ પ્રધાન વીચારે પેર, નરસૈયને મોકલાએ ઘેર. દ્વારીકાં ૭

પદ ૮૦.

રામાનંદ સન્યાસી એણી પેરે કહે, એ કથા અધવચ ન રહે,
કોઇ કાની કરી પક્ષ ઠરે, તે સન્યાસી નરકે સચરે. રામાનંદ૦ ૧
વૈષ્ણવ જનને નીંદે જેહ, કુંભીપાક પડે નર તેહ;
પાકુ પુર નાગર છે એક, તેમાં નમો ભક્ત વીશેક. રામાનંદ૦ ૨
નામ દેવને હરીશુ પ્રીત, રામાનંદ કહે શુભગીત,
બ્રાહ્મણે આણી મરતક ગાય, લઇ આવી સુલતાન સભાય રામાનંદ૦ ૩
નામદેવે સજીવન કરી, તુલસી માળા કંઠે ધરી.
નામદેવે નરહરી ગુણ ગાયા, આવ્યા સમરથ વૈકુંઠનાથ. રામાનંદ૦ ૪
જુઠા લોક સહુ જોઇ રહ્યા, વૈસ્ણવ જન તે સાચા થયા;
ભગત જગતને આદયથી વેર, પ્રભુ સેવકની જાણું પર ગગાનંદજી ૫
પ્રહ્લાદજી પર કોપ્યો તાત, હીરણ્યકશ્યપને વીરે દીધી લાત;
અમરીષને દુરવાસા કોપીયા, ધરૂવ બાળક તે વનમા ગયા. રામાનંદ૦ ૬
ત્યાં મળીયા રૂષી નારદ રાય, આપી મંત્ર કર્યો વીદાય;
તેણે ધરયુ હરીનુ ધ્યાન, પ્રસન્ન થયા પોતે ભગવાન રામાનંદ૦ ૭
ભકત જાણીને સુધ લીધ, ધરૂવજીને તો અવીચળ કીધ;
સુધન્વા ઉગારીયો હરી, તેલ કઢાયો ટાઢી કરી. રામાનંદ૦ ૮
પંચાળીનાં પુરયાં ચીર, તે તો પોતે હળધર વીર;
માટે મેહેતા તમને કહું, સંસાર ચરીત્ર હું સઘળુ લહું. રામાનંદ૦ ૯
હાર લીધા વીના જાઓ ઘેર, તો વઇષ્ણવની લાજ રહે શી પેર;
ભાગી ભોગળને આપો હાર, ત્રીભુવન વરતે જય જયકાર. રામાનંદ૦ ૧૦
નીજ ચરણનો બેલી મહારાજ, ઠામ ઠામ જનની રાખે લાજ;
રહો વીશ્વાસે આણે ઠામ, ઉતાવળ શું આવે કામ. રામાનંદ૦ ૧૧

મેહેતા તમારી ભકતી ખરી હાર આપશે હેતે કરી;
રામાનંદ એણીપેરે ઉચરે, મહેતાજી મન હરખજ ધરે. રામાનંદ૦ ૧૨
કેદારો આલપીને ગાય, સર્વ દેખીને આનંદ થાય;
જય દામોદર જય રણછોડ નિજ ભકતના પુરો કોડ. રામાનંદ૦ ૧૩

પદ ૮૧ રાગ કેદારો.

મારો વાલોજી રાગ મુકાવીને આવ્યા મેહેતો ખત વાંચીરે મુખારેરે.
નાચે કુદેને તાલ વજાડે મારો વાલાજી નવ વીસારેરે. મારો વાલેજી. ૧
મધુર સ્વરે કેદારો ગાયો મારો ગોરીયો ગમાણે આયોરે;
ઠનકે ઘુઘરા નેપુર વાજે મહારો રાગ કેદારો મુકાયોરે. મારો વાલોજી. ૨
પ્રગટ થાઓ પાતળીઆ સભામાં મુજને આપો હારેરે;
આવા છબીલા શાઈકુ દીજે, શાને લગાડો વારેરે મારો વાલાજી. ૩
મલપતા મંદીર આવ્યા, જાગ્યા દીનદયાળરે,
સભા સર્વ દેખતા કાનુડા. મારી કંઠે આરોપો માળરે. મારો વાલોજી. ૪
એમ કહી ખત મસ્તક મુકયુ, સખિઓ થાઓ સાવધાનરે.
જયજયકાર બોલે નરસઈયો, સર્વ સખીઓ કરો ગાનરે. મારો વાલોજી. ૫

પદ ૮૨—રાગ પ્રભાત.

દામોદર દિલમાહે વિચારે, મેહેતો ભગત છે મહારોરે;
ક્ષણુએ મુજને નવ વિસરે, ગણે પ્રાણુથી પ્યારોરે. દામોદર. ૧
ગેહેન નિગારી ગયા અકળેલો ધરણીધરને ઘેરરે,
કહાન મુકાવી લાવ્યા, જુગતે જાણી પેરરે દામોદર. ૨
ખત લાવીને ખોળે નાખ્યુ, તે તો સરવે જોયુરે,
મેહેતો મનમા રાજી થયા બહુ, જોતા મનડું મોયુરે. દામોદર. ૩
જુ કોડેથી કેદારો ગાયા તે તો મુજને ભાવ્યોરે,
ઉપસા આપી મુજને બાળ પી, ગોરીયો ગમાણે આયોર. દામોદર. ૪
મારા આસન જતો એમુ કાને લાગે વાતર.
કેવા ગર્જીયો મુજને મેહેતે પ્રેમ આપ્યુ હવે હારરે. દામોદર. ૫
રીસ ચડાવી આસન બેઠા શ્રી દામોદર રાયરે;
તે તો મેહેતાજીએ જાણ્યુ હવે શી પેર થાયરે. દામોદર. ૬
મેહેતાજી કહે સુણો મોહનજી, રીસાઈને કયા જાઓરે,
જીવ જતાં લગી નવ છોડું, સહાય શામળીઆ થાઓરે. દામોદર. ૭

પદ ૮૨.

ભાગ્ય મોગળ શામળીઆ સાથી ઘેલડા મુકાવીને ગોવાળારે;
આહિરને આનંદો શો અટકો આપો મોગરાની માળારે. ભાગ્ય. ૧
હવે આળ નહિ દઉં ગોવીંદજી, ક્ષમા કરો અપરાધરે;
શિવ વિરંચી તારો પાર ન જાણે, તે શું કર્યો મેં વાદરે. ભાગ્ય. ૨
શુક શૌનકાદિક ધ્યાન ધરે છે, તે તું નંદકુમારરે;
લક્ષ્મીવર મેં કહ્યો તુજને, લપટ વારમવારરે. ભાગ્ય. ૩
સેવકજનના બોલવા સામુ, જોઈએ નહી જદુનાથરે,

અવગુણ ભરીયો પણ છું તારો, હેતે ઝાલો હાથરે. ભાગ્ય. ૪
સુધ બુધ ભજ્યા પ્રેમી જનમા નવ રહે લગારરે;
પ્રેમે વચનમા જે બોલયુ, વીઠલ વારમવારરે. ભાગ્ય. ૫
ગુણ સાગર છો શ્રી ગીરધારી, બાનાની પત ન ગણોરે;
મેહેર કરી મહારાજ મુજપર દાસને દરસન આપોરે. ભાગ્ય. ૬
આવો આલીંગન દીજે મારા વાહલા, સુંદર મુખડું નીહાળુરે;
ભણે નરસૈયો રજની વીતી, થયુ ત્રૈલોકમા અજવાળુરે. ભાગ્ય. ૭

પદ ૮૪.

જાગ્ય જાગ્યરે જદુપતી, રજની વીહાણી,
મ કરીશ મુજને બહુ બીવરાવ, જીવન હયો જાણી. જાગ્ય૦ ૧
અરૂણ ઉદયની વેળા થઇ છે, હરણી તો આથમી;
દીપક જોતો ઝાખી થઇ છે, કહું મસ્તક નામી. જાગ્ય૦ ૨
વલોણા ગાજે, ને ઘટીઓ ગાજે, પ્રેમદા ભરે પાણી;
કેસવજી તમે કેમ ન આવ્યા, કોણે બાધ્યા તાણી. જાગ્ય૦ ૩
માળકદનો કુબાકરણ જીત્યા, તેની ઊંઘ તને આવી;
આગારુ કેમ બન્યા અલબેલા, શુ બેઠા રીસાવી. જાગ્ય૦ ૪
દીનબંધુ છો દામોદરજી, હાર હરી આપો;
નરસૈયો કહે નાથજી મહારાં, કષ્ટ તમે કાપો. જાગ્ય૦ ૫

પદ ૮૫.

ખત વાંચતા હુ ખખાર્યો, તેની તમને ચડી છે રીસરે;
સેવકના અપરાધ આમુ, શુ જુવો જગદીશરે. ખત વાંચતા૦ ૧
શ્રીપતી સહાય કરો એકની વેળા થઈ છે ઝાઝીરે;
મોગરાની માળા લઇને પધારો મેહેતાજી થાયે રાજીરે ખત વાચતા૦ ૨
ઉઠો ઉઠો હરી થયુ અજવાળું, ખોટી ન થાઓ પળ એકરે;
પ્રીતમજી પ્રેમથી બહુ, મુકી દો હરી ટેકરે. ખત વાચતા૦ ૩
એવુ સુણી ઉઠયા અલબેલો, થયો ત્યા બહુ કડાકોરે;
જાણે મેઘ ગાજયો અષાડો, એવો થયો ભડાકોરે. ખત વાચતા૦ ૪
મોહનજી કહે સુણો મેહેતાજી, અતર નથી તમ સાથેરે;
પ્રીત કરી તુજને પેરાવુ, હાર હુ મહારે હાથેરે. ખત વાચતા૦ ૫
તુજ વીના મહારે નવ ચાલે, હુ પુરૂ તારી આશરે;
એમ કહીને બન્ને ભેટયા, નરસૈ ને અવીનાશરે.. ખત વાચતાં૦ ૬

પદ ૮૬—રાગ વસંત.

કમાડ કડકડીયા છે ગગન ગડગડીયાં, મંડલીકના મદીર;
ભોગળ ભાગીને તાળા તુટયા પધાર્યા શામશરીર. કમાડ કડકડીયાં૦ ૧
ખળભળીયા ધડ કોશીજરે, પડે પોળ પુકાર;
નાઠા સુભાથી સર્વેકો, થઇ રહયો હાહાકાર કમાડ કડકડીયાં૦ ૨
આસનથી ઉઠયા અવીનાશી, આવ્યા સભા મોજાર;
સભા સરવે દેખતારે, આપ્યો મહેતાજીને હાર. કમાડ કડકડીયાં૦ ૩
પીતાંબર પ્રીતે ઓઢાડયું, આપી કાને કુડલ જોડ,

મસ્તક મુગટ સમરપી નાખે, જયજય શ્રી રણછોડ. કમાડ કડકડીયાં૦ ૪
મુખ મોરલી મધુરી વજાડે, દીનોનાથ દયાળ;
રંગીલો છબીલો છોગાળો વાલો, તે લે ભમરી કરતાળ. કમાડ કડકડીયાં૦ ૫
જયજયકાર બોલે સહુ સખીયો, ધન્ય ધન્ય ગોકુળ રાય;
નરસૈયાને ફરી ફરી બેઠે હૈડે હરખ ન માય. કમાડ કડકડીયાં૦ ૬

પદ ૮૭—રાગ પ્રભાત.

આફડીક જો દ્વાર ઉઘાડી, હાર ગોપાળરાયે દીધોરે;
રાજા મંડળીક થરથર કાપ્યો, મેં મોટો અપરાધ કીધોરે. આફડીયે જો૦ ૧
સન્યાશી સૌ વીસ્મય પામ્યા, વરત્યો હાહાકારરે;
જેને જેવો તેણે તેવો, દીઠા દેવ મોરાર. આફડીયે જો૦ ૨
નરસૈ આશ્રમ નૃસીંહરૂપ, દીઠા મુકુંદરૂપરે.
અચ્યુતાશ્રમે અચ્યુતરૂપ દીઠા, માધવાશ્રમે માધવરૂપરે. આફડીયે જો૦ ૩
અદભુતાશ્રમે અદભુતરૂપ દીઠા, વીસ્વંભર વીશ્વરૂપરે;
વીસ્વેશ્વર આશ્રમે વીશ્વરૂપ દીઠા, કેશવાશ્રમે કેશવરૂપરે. આફડીયે જો૦ ૪
રઘુનાથાશ્રમે રઘુનાથરૂપ દીઠા, ભીમે દીઠા રામરે,
રાજાની માએ ચતુરભુજ દીઠા, રાણીએ દીઠા સુંદર શ્યામરે. આફડીયે જો૦ ૫
શ્રીપાત પંડીતે સુંદર રૂપ દીઠા, શ્રીધરે દીઠા બ્રહ્મચારરે.
બ્રહ્મભારથીએ બ્રહ્મરૂપ દીઠા, પ્રસાદપુરીએ ત્રીપુરાર. આફડીયે જો૦ ૬
પ્રલભ પ્રધાને પ્રૌઢ રૂપ દીઠા, મંડળીક દીઠા કાળરે;
સભાએ દીઠા સુંદર શીરોમણ, સજ્જને દીઠા બાળરે. આફડીયે જો૦ ૭
જોગી ધ્યાનીયે જ્યોતી રૂપ દીઠા, કુંવરબાઇયે દીઠા પીતાયરે,
મેહેતાજીયે લટકાળા છોગાળા દીઠા શ્રી ગોકુળના રાય રે. આફડીયે જો૦ ૮
અગવપાતેને જેવો તેને તેવો, વ્યાપી રહ્યો કરૂણાળ રે;
મેહેતાજીની કંઠે આરોપી, લેઇ મોગરાની માળરે. આફડીયે જો૦ ૯
રાગ રાગનુ તાન મીલાવે, મોરલી મદનગોપાળરે;
જયજયકાર કહે સરવ કો, હરી ભક્તવત્સળ પ્રતીપાળરે. આફડીયે જો૦ ૧૦
લોક સહુ રાજાને કહે છે, તમે મોટો અપરાધ કીધોરે;
રામાનંદને રીસ ચડી બહુ, શ્રાપ રાજાને દીધોરે. આફડીયે જો૦ ૧૧
પ્રભુના જનને તે બહુ પીડયો, કાંઇ ન વાચાર્યું આપરે;
ત્રણ જન્મ તું મલેચ્છ થઇને, ભોગવે તુજ પાપરે. આફડીયે જો૦ ૧૨
ત્યારે સુરસેનાએ હાથજ સાહ્યો રાજાને શ્રાપ ન દીજેરે.
જેણે આપણું ભુંડુ કીધુ હોય, તેનુ રૂડુ કીજે રે. આફડીયે જો૦ ૧૩
ત્યારે પસ્તાયો પોતે, આવી દંડવત કીધોરે;
કુમતીએ મે કાંઇ ન માન્યું, માહારો એકે અરથ ન સીધ્યોરે. આફડીયે જો૦ ૧૪
આગળ સુવર્ણ બ્રહ્મ પોળો આપી, તે કશુ ન આવ્યું કામરે;
કળીજુગમાંહી હરીભક્ત મોટા, વળી નારાયણ નામરે. આફડીયે જો૦ ૧૫
એ વાત તે કોને કહીયે, મળ્યા પ્રધાનને સતર સન્યાસીરે;
નારાયણનો જન મેં દુભ્યો, હૈયે ન જોયું વીમાસીરે. આફડીયે જો૦ ૧૬

ત્યારે મેહેતાજી એણીપેરે બોલ્યા, સાક્ષી રાજાનો સાથરે;
વાંક સઘળો છે તારી માતના, તેને પુછ તું વાત રે આકડીયે જો૦ ૧૭
રાજા જઇ માતાને કહે છે, હવે શી પેરે થાશે રે.
માતા કહે તેં કહ્યું ન માન્યુ જુનાગઢ તુજ જાશે રે. આકડીયે જો૦ ૧૮
વળતો રાજા એણીપેરે બોલ્યો, મા સઘળો તારો વાંક રે,
સાચું કહે જે નીપજ્યું હોય તે, હું થઇશ તારો ગાક રે. આકડીયે જો૦ ૧૯
વળતી માતા એણીપેર બોલી, કહુછું સાચું હુંવ રે;
મ્લેચ્છ શેનકનું મુખ મે જોયુ, પેટે રહ્યો જવ તુંયરે. આકડીયે જો૦ ૨૦
દુષ્ટતણું મુખ જોતાં આવો, નીરદય નીપજ્યો તન રે,
કહ્યુ ન માન્યુ પ્રથમ કોઈનું, પીડયા હરીના જનરે આકડીયે જો૦ ૨૧
એવું સુણીને મંડળીક મનમા, પરતાયો બહુ આપરે;
નરસઇયાને પીડા પમાડી, તેથી પામ્યો શ્રાપ રે. આકડીયે જો૦ ૨૨

પદ ૮૮.

શ્રી દામોદરે દયા કરીને, નરસઈયા નાગરનો રાખ્યો રંગ;
સર્વે સેવકના સુખને કારણ, રાય મંડળીક કીધો માનભંગ. શ્રી દામોદરે. ૧
કો કહે કામી ને કો કહે કપટી, પણ શેવકને તમારી આશ:
રાખી લાજ સભામા સાચી, દુરીજન સઘળા કીધા નીરાશ. શ્રી દામોદરે. ૨
કળીયુગમાંહે પ્રત્યક્ષ દીઠું, નરસઇયાને ઝીલાડયો હોડ,
કાને કુંડલ ઘાલ્યા મેહેતાને, પીતાંબર આપ્યું કટી છોડ. શ્રી દામોદરે.
એ જાર જાને કાંઈ ન જાણ્યુ, વૈષ્ણવ સાથે કીધો વાદ,
પ્રજાજનો સહુ એણીપરે કહે છે, ઉતાર્યો હરીયે એનો નાદ. શ્રી દામોદરે.
જયજયકાર હવો સોરઠમા, મેહતાને આપ્યો હારજ હરી,
મંડળીક રાયનો મમત હરીને નરસઇયા નાગરની રક્ષા કરી. શ્રી દામોદરે. ૫

પદ ૮૯.

મારા ઠાકોર દામોદરે, મારી સાર કરી સંભારીરે;
વૈકુંઠથી વેગે આવીને, આપ્યો હાર ઉતારીરે. મારા ઠાકોર૦
ભક્તજનને વાલે લાડ લડાવ્યાં, સદાય છે સુખાકારીરે;
અનેક ભકત આગે ઉદ્ધારીયા, કૃપા કરી મુરારીરે. મારા ઠાકોર૦
નૃપતી નીત્ય દાન દેતા સુવર્ણનું, નહાતો ગંગા નીરરે;
પણ વૈષ્ણવથી દ્વેષજ કરતો, તેથી પામ્યો કલંક શરીરરે. મારા ઠાકોર. ૩
શુક શૌનકાદીક મુનીવર નારદ, નીગમ ચતુર મુખ ગાયરે;
હનુમાન સરખા તાલ ધરે તોએ, હરીગુણ કોથુ ન ગાણાયરે. મારા ઠાકોર૦
જેની સેવા સુરીનર ઇચ્છે, સહસ્ત્ર અઠયાસી ધાયરે;
અમર ઇંદ્રાદીક ગાંધર્વ અપ્સરા, ગુણ શ્રીહરીના ગાયરે. મારા ઠાકોર૦
મામેરૂ મોહને કીધુ, આપ્યા વસ્ત્ર શણગારરે,
મંડળીક દેખતા મહારાજે મુને, હેતે દીધો હારરે. મારા ઠાકોર. ૬
સોરઠ જન જોવાને આવ્યા, પોહોંત્યા મનના કોડરે;
સકળ સભામા લજ્જા રાખી, નરસૈયો ઝીલાડયો હોડરે. મારા ઠાકોર૦ ૭

કળીજુગમાંહે કઠણુ માનવી, પામર કેને ન પતીજેરે;
ભણે નરસઇયો સુણો નારાયણુ, ચરણુ શરણુ રાખી લીજેરે. મારા ઠાકોર. ૮

પદ ૯૦

શ્રી દામોદરે કીધી દયા જે, મુગટ સહીત મુને આપ્યો હાર;
બાજુબંધને એરખા આપ્યા, ત્રીભુવન વરત્યો જયજયકાર. શ્રી દામોદરે. ૧
રાજા તું ઘેલો થયો જે, ખડક લઈને આવ્યો સંગ;
રશીયાજી શુ રંગે રમતા, રામા પતીએ રાખ્યો રંગ. શ્રી દામોદરે ૨
શાશા શા ગુણુ ગાઉ ગોવીંદના, ઠામ ઠામ રાખી મુજ લાજ,
અપ્રળ ન થાએ એ અલબેલો, સારે શેવક જનના કાજ. શ્રી દામોદરે ૩
જે જન શેવે સાચા મનથી, તે ત્રિકમજી જાણેરે;
ભીડ પડે જ્યારે સેવકને, સહાય કરે તે ટાણે શ્રી દામોદરે. ૪
સજ્જન સરવે સાચુ માનો, એ હરી દીનદયાળરે;
નીજ સેવકની લજ્જા રાખી, કંઠે આરોપી માળરે. શ્રી દામોદરે. ૫

પદ ૯૧.

શ્રી દામોદરના ગુણુ ગાતાં, નર કો દુખીયો ન હોયરે;
સદા શામળિયો શરણે રાખે, સન્મુખ આવી જોયરે શ્રી દામોદરના. ૧
મુરખ મુઢ હીંડે રડવડતો, ન જાણે હરીનો મર્મરે,
સમરણુ કરતા તરતજ આવે, પરીપુરણુ પરબ્રહ્મરે. શ્રી દામોદરના. ૨
છેલ છબીલો છોગાળો, નીત્યનીત્ય તેને ભજીયેરે.
મંડળીક માન ઉતારયું જેણું, કહો કમ તેને તજીયેરે; શ્રી દામોદરના. ૩
સુખદાતાની પુર્ણ કૃપાથી, અવીચળ પદ હું પામ્યોરે;
નરસઇયાના સ્વામીને જોતા, ભવ ભય સઘળો વામ્યોરે. શ્રી દામોદરના. ૪

પદ ૯૨.

વાહાલાના ગુણુ શાશા કહુંરે, અવસર આવી રાખે લાજ;
પતિત પાલનહાર નામ તમારૂ, પ્રગટ થાઓછો ભક્તને કાજ. વાલાના. ૧
કૃપા કરી મુને હાર આપ્યો, મંડળીકરાય થયો માન ભંગ.
સભા સઘળી આશ્ચર્ય પામી, કૃપા તમારી પરમાનંદ. વાલાના. ૨
સાચી પ્રીત કરે જે હરીશુ, તેના મનના પુરે કોડ;
કૃપા કરી તમે નરસૈયાને, ભક્તવત્સલ પ્રભુ શ્રી રણુછોડ. વાલાના. ૩

પદ ૯૩.

કરજોડીને દાસ વીનવે, હું સંત કૃપાએ સુખ પામ્યોરે;
ભક્તના ચર્ણુ રેણુયે, સકળ વેદના વામ્યોરે. કર જોડીને. ૧
અલ્પ બુદ્ધિ અજ્ઞાની હતો હુ, દેખાદેખી ચાલ્યોરે.
સાધુ સમાગમ નિશદીન કરતા, હરજીયે હાથ જે ઝાલ્યોરે. કર જોડીને. ૨
પ્રજાજન સહુ ચરણે નમીયા, નગર તણા જે વાસીરે;
ભણે નરસૈયો શ્રીહરી સેવો, ટળશે ભવના દુખ ફાંસીરે. કર જોડીને. ૩

પદ ૯૪.

બોળબો અકળ નહી જાય મહારો વાલો, બોળબો શ્રી ગોકુળરાયરે;
કૃપાસાગરે કૃપા કરીને, કીધી મહરી સહાયરે. બોળબો. ૧
બોળબો ધ્રુવ પ્રહ્લાદ વિભીષણુ અમરીષને હનુમાનરે;

અક્રૂર ઓધવ વીપ્ર સુદામા, વીદુર ભક્ત વરદાનરે. ઓળંભો ૨
ઓળંભો વગે ધરૂપદ તનયા, ચરણે અહલ્યા તારીરે,
કુબ્જાનુ ચંદન માગી લીધુ, ગોકુળ રાખ્યુ મુરારીરે. ઓળંભો. ૩
ઓળંભો વેગે વ્રજ વીંતા તારણ તરણુ ગીરધારીરે;
ઓળંભો પ્રીત કરી જે ભક્તે, લીલા કુંજ વીહારીરે. ઓળંભો. ૪
સાદાપને સૂત આણી આપ્યો, વેદ વદે એમ સાચુ રે;
મારો ઠાકાર એજ દામોદર, અહોનીશ એને જાચુ રે. ઓળંભો. ૫
ભક્તવત્સલ સદા હરી દાતા, દીનોનાથ કહાવેરે.
નરસૈયા સ્વામીને સમરતા, પુનરપી જનમ ન આવેરે. ઓળંભો. ૬

પદ ૯૫.

નીરખી લોક નગરના હરખ્યા, ધન મેહેતાનો અવતારરે;
મહીપતી આવી ચરણે લાગ્યો, કરે હરખ ઓછવ નરનારરે. નીરખી.
અમે અબુધ મુરખ અજ્ઞાની ખોટી કહી વઇષ્ણવની વાતરે,
સ્વામી શેવકમા ભીન્ન ન હોએ, સૃતી સ્મૃતી બોલે વીખ્યાતરે. નીરખી. ૨
છબીલાજીના બાલા જે જન, તે સાથે ન કરવો દ્વેશરે;
સાચુ પાસુ સામળીયાનું નીસ્ચે, લખ્યો મટે નહીં લેખરે. નીરખી. ૩
દુરીજન સઘળા દુખજ પામ્યા, જેણે કીધા કુડા કમરે;
ભણે નરસૈયો તમ સુકૃત કરો સૌ, શ્રી ધરણીધર રાખે ધર્મરે. નીરખી. ૪

પદ ૯૬.

ધન્ય તું ધન્ય તું એમ શ્રીહરી, નરસૈયા તુ મારો ભક્ત સાચોરે,
મેહલી પુરૂષાતન સખીને રૂપે થયો, તારો પ્રેમ જોઇ હુ રાચ્યોરે. ધન્ય તુ. ૧
મુજમા ને તુજમાં ભેદ નહિ નાગરા, માન્ય તુ વેદ વાણીરે;
હજી પતીત મારી નથી તુજને, માગતા મોકલ્યુ ટાહાડુ પાણીરે. ધન્ય તું. ૨
મામેરૂ કીધુ તે કેમ ગયા વીસરી, હાર આપ્યો તે પ્રત્યક્ષ ભુપરે,
ચૌદ ભૂવનમા તુજ સમો કો નહી, માહરૂં તાહરૂ એક રૂપરે. ધન્ય તું ૩
તાહરો અક્ષર ગાયને સાભળે, કુળ સહીત પવીત્ર થાએરે;
ભણે નરસૈયો મીઠું બોલી શું રીઝયો, કરજોડી કૃષ્ણજી સમ ખાએરે. ધન્ય તું. ૪

પદ ૯૭.

ધન્ય તું ધન્ય તું એમ કુહે શ્રીહરી, ત્રાગુણ રહીત મન થયુરે તારૂ;
કોટી બ્રહ્માંડનો પતી કરે વીનતી, નરસઈયા માન્ય તું વચન માહારૂ. ધન્ય તું. ૧
બ્રહ્મશંકર શુક સનક આદે જતી, શેષ નારદ ધરે ધ્યાન મારૂ;
મનકર્મ વચન તું અનુસરે, કોટી મુક્તી તારે ચરણે વારૂં ધન્ય તું. ૨
જેવી વ્રજ સુંદરી તેવો તુ નરસૈયો, નીરમળ મને મારો જશ ગાયો;
રાસક્રીડા કરી તુજને મે દાખવી, હાર આપવાને હુ હોંસે ધાયો ધન્ય તું. ૩
વ્રજલીલા મધ્ય કેલીમાં કાનજી, પુરૂષ નામે કોઈ પાસ નાવે;
આજ ઠીએ શ્રીહરી વ્રજવીનતા ખરી, નરસૈ વીના લાડ કુણ લડાવે. ધન્ય તું. ૪

પદ ૯૮.

સંસારનો ભય નીકટ ન આવે, કૃષ્ણ ગોપાળને ભજતારે
ત્રીવીધી તાપ ટળે સહુ તનના, મોહ માયાને તજતારે. સંસારનો. ૧

ધ્રુવના દ્રઢ ભકતીને જાણી, અવીચળ પદવી આપીરે;
ભકત પ્રહ્લાદ ઉગારી લીધો, જનમ જરા જડ કાપીરે. સંસારનો. ૨
જે જન સાચો ભાવ રાખો, જપે શ્રી જગદીશરે;
શરણાગત રાખે શામળીયો, કાપે સૌ કલ્મીષરે. સંસારનો. ૩
શ્રી દામોદર જેવા દાતા, જગમા ન મળે કોયરે,
નરસૈયો કહે નીશદીન જપાયે, સકળ કારજ સીધ્ધ હોયરે. સંસારનો. ૪

પદ ૯૯. રાગ કાલેરો.

મેહેતાજી અને ઢેડ લોકોના પ્રસંગ વીષેનું પદ.

ગીરી તળાટીને કુંડ દામોદર, ત્યા મેહેતાજી નાવા જાય,
ઢેડ વરણમા દ્રઢ હરી ભકતી, તે પ્રેમ ધરીને લાગ્યા પાય. ગીરી તળાટીને. ૧
કરજોડીને પ્રાર્થના કીધી, વીનતી તણાં બહુ વધારે વચન,
મહાન પુરૂષ મ્હારી અરજ એટલી, મ્હ રે આગણે તમે કરો કીરતન. ગીરી તળાટીને. ૨
પ્રેમ પદારથ આપો પામીયે, વામીયે જનમ મરણ જંજાળ
કરજોડતામા કરૂણા ઉપજી, મેહેતા વૈષ્ણવ પર દયાળ ગીરી તળાટીને. ૩
પશુપક્ષી ત્યાં નહીં પરમેશ્વર, સમ દ્રષ્ટી સર્વ સમાન,
ગૌમુત્રે તુળસી સ્થળ લીંપજો, એવું વૈષ્ણવ આપ્યુ વાક્ય દાન. ગીરી તળાટીને ૪
મેહેતાજી નીશાળે આવ્યા, લાવ્યા પરસાદ કર્યો ઉત્સવ
સવાર થવા લગી ભજનજ કીધા, સતોષ પામ્યા સહુ વૈષ્ણવ. ગીરી તળાટીને. ૫
ઘેર પધાર્યા હરી જશ ગાતા વાતા તાલ શંખ મૃદંગ;
કસાહસી નાગરો તાળીયો લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ ગીરી તળાટીને ૬
મૌન ગ્રહીને મેહેતાજી ચાલ્યા, અવધરાને શુ કેહેવુ;
જાગ્યા લોક નરનારી પુછે, મેહેતાજી તમે એવા શું ગીરી તળાટીને. ૭
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઈ વીચાર;
કરજોડીને કહે નરસઈયો, વૈષ્ણવનો મને છે આધાર. ગીરી તળાટીને. ૮

પદ ૧૦૦.

એવારે એવા અમો એવારે એવા, તમો કહોછો વળી તેવારે;
ભક્તી કરતાં જો ભ્રષ્ટ કહેશો તોય, કરશું દામોદરની સેવારે. એવારે. ૧
જેનુ મન જે સાથે બંધાણુ, પેહેલુ હતુ ઘર રાતુરે;
હવે થયુ છે હરીરસ માતુ, ઘેર ઘેર હીંડે છે ગાતુ રે. એવારે. ૨
સઘળા સાથમા હુ એક ભુંડો, ભુંડથી વળી ભુંડોરે;
તમારે મન માને તે કહેજો, નેહ લાગ્યો છે મને ઉંડોરે. એવારે. ૩
કરમ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવેરે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે નાવેરે. એવારે. ૪
હળવા કરમના હું નરસઈયા, મુજને તો વૈષ્ણવ વહાલારે;
હરીજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલારે. એવારે. ૫

પદ ૧૦૧.

મેહેતાની સખી માનબાઈની વીનતી.

સાંભળોને શામળીયાવાહાલા, મારે તમથી નથી કઈ કાચુ રે;
દુરીજન સૌ મળી આડું બોલે છે, રખે તે માનતા સાચુ રે. સાંભળોને.

અંતરની જાણો અલબેલા, મેહતાજી નાત છે મ્હારેરે,
સહુ મળીને મુજને સંતાપે, શું કહીએ વારે વારેરે. સાંભળોને. ૨
નાગર સરવે નાત મળીને, મેતાનું નોતરૂં ટાળ્યુ રે;
કંઠ કટારીને દેહજ પાડું, જો પ્રભુ સામુ ન ભાળ્યુ રે. સાંભળોને. ૩
જો મહેતાજી જમવા ન આવેતો, મ્હારે તમારી શી માયારે;
ઓર નથી બીજું જગજીવન, પાડીશ મ્હારી કાયારે. સાંભળોને. ૪
નાગર સઉ નાહી નાહીને આવ્યા, પેહેર્યાં પીતાંબર આવ્યારે;
એક એક નાગરમાં ઢેડ બે બે, એવા શામળીએ બતાવ્યારે. સાંભળોને. ૫
અંતરજામીએ અરજ સાંભળી, નાગર જમવા બેઠારે;
એક એક કરમા અસ્થી લેઇને, નાગરમા ઢેડ પેઠારે. સાંભળોને ૬
એક એકના મુખ સામુ જોયુ, આતે શું કહેવાયરે,
નાગર સરવે નાત બાહાર રહીશુ, હવે કયાં નાશી જવાયરે. સાંભળોને. ૭
નાગર સરવે નાત મળીને, કીધા એક વીચારરે;
જો મહેતાજી જમવા ન આવે તો, નાત નીકળો ગામ બહારરે સાંભળોને. ૮
ભક્તરાજને જમવા તેડાવો, મન વીચારી લાવોરે;
કૃપાનાથ કૃપાવંત થઇને, હવે તે જમવાને આવોરે. સાંભળોને. ૯
નાગર સરવે સાથ મળીને, મેહેતાજીને તેડવા પધાર્યારે;
શુ છે મેહેતાજી જમવા નથી આવ્યા, વાટ જોઇ અમે હાર્યારે. સાભળોને. ૧૦
મરડ નથી મેહેતાના મનમા, તેડયા તતક્ષણ આવ્યારે;
માનબાઇના સ્વામી અધીક શીરોમણ, સઘળા તે ઢેડ સમાયારે.સાંભળોને ૧૧

પદ ૧૦૨ જું.

પ્રાણથી મુને વઇષ્ણવ વાહાલા, અહરનીશ એને ધાઊંરે;
તપ તીરથ વૈકુંઠ તજીને, વઇષ્ણવ હોય ત્યાં જાવુંરે. પ્રાણથી મુને. ૧
અમરીષ મુજને અતીશય વાહાલો, દુરવાશાએ માનભંગ કીધોરે;
જગત ભગતની રક્ષા કરવા, અવતાર દશવાર લીધોરે. પ્રાણથી મુને. ૨
બેઠા ગાય ત્યા ઉભો સાંભળુ, ઉભા ગાય ત્યાં નાચુ રે;
વઇષ્ણવથી ક્ષણ નહી હુ અળગો, ભણે નરસઇયો સાચુંરે. પ્રાણથી મુને. ૩

પદ ૧૦૩ જું.

હરિની ભક્તિ વિના જે જીવે, તેનો અફળ ગયો અવતાર;
તુળશીની માળાને તિલકજ પાખે, બીજા જુઠડા શા શણગાર; હરીની ૧
દશ માસ ઉદર દુઃખ પામ્યો, કીધું કારજ તે બરબાર.
દેહ ધરી હરી દાસ ન કહાવ્યો. તેની જનુનીને ધીકાર. હરીની. ૨
વઇષ્ણવ જન વહાલા નહીં જેને, મિથ્યા ગયો તેનો અવતાર
નરસઇયાના સ્વામી વીના બીજા, અનેક મિથ્યા ધર્મ વિચાર. હરીની. ૩

પદ ૧૦૪ શું.

ધન્ય ધન્યરે જીવતર વૈષ્ણવનું, જ્યાં જોઇએ ત્યાં હરીગુણ ગાય;
ચૌદ લોકમાં પેહેલી પુજા, નરનારી તે વઇકુંઠ જાય. ધન્ય ધન્યરે. ૧
વઇષ્ણવ કેરાં ગુણ લક્ષણ, તિલક છાપને તુળશી માળ,

વઇષ્ણવ કેરા વેશ દેખીને, જમકિંકર નાસે તતકાળ. ધન્ય ધન્યરે. ૨
જન્મ મરણના ફેરા છુટે, જેમ જોખમથી રાખે અંગ;
સંસારમાંહે તે નર જીવ્યા, જેને નીશદીન વઇષ્ણવ સંગ. ધન્ય ધન્યરે ૩
માતપીતા કુળ કુળ તારે, પાડોશી પાવન પરીવાર;
ભણે નરસઇયો હરિગુણ ગાતા, પુરવ્યો તેને નહી અવતાર. ધન્ય ધન્યરે. ૪

પદ ૧૦૫—રાગ આશાવરી.

નરસઇયાને કીધી દયા, વઇકુંઠનાથ તે સન્મુખ થયા;
આપી માળા પરમ ઉમંગ, રમાપતીએ રાખ્યો રંગ નરસઇયાને. ૧
જય શબ્દ વાગે નીશાન રાય કરજોડી માગે માન;
રાયે મહેતાજી જાણ્યા મહીમાય, નીચા નમીને લાગ્યો પાય. નરસઇયાને. ૨
દુઃખી થકી દુષ્ટ આગળ ગયા, ચોકે દહાડે મલેચ્છજ થયા,
વૈષ્ણવ જનની નીંદા કરે, નીશ્ચે તે નરકે સંચરે. નરસઇયાને. ૩
નીશદીન લેશે હરીનુ નામ, તેના સરસે સઘળા કામ;
ભણે નરસઇયો જે સેવા કરે, પુનરપી તે જન્મ ન અવતરે. નરસઇયાને. ૪

પદ ૧૦૬ ઠું—રાગ પ્રભાત.

તમારી કૃપા હરી મારા વાલા, મુને જ આપી તે થોડુંરે;
દીનાનાથ દામોદરનો હું દાસ, થઇ કર જોડુંરે. તમારી કૃપા. ૧
જયદેવને જે કૃપા કરી તે, સઘળો લોક જાણીરે,
તેમજ મુજને હાર આપ્યો તે, તમારી કૃપા ગણાણીરે તમારી કૃપા. ૨
ધન્ય સોરઠ ને ધન્ય એ માળા, ધન્ય આશાવરી રાગરે,
ભણે નરસઇયો ભલે અવતર્યા, કૃષ્ણ ભજ્યાનો લાગરે. તમારી કૃપા. ૩

પદ ૧૦૭—રાગ ગોડી.

મંડળીક આવી લાગ્યો પાય, ક્ષમા કરો હું મંદમતી રાય;
પ્રભુ પ્રધાન વીનય બહુ કરે, આંખો નયણે નીરજ ભરે મંડળીક ૧
ઓપની સરવે મહેતાજીને નમ્યા. અમો અતીશય તમને દમ્યા;
અમે અજ્ઞાન થયા મહારાજ, રાખી દામોદરે લાજ. મંડળીક. ૨
એમ મહેતાજીને પ્રણામજ કરે, સન્યાસી વીનય વચન ઉચરે;
દુઃખી નાગર ઘેરજ ગયા, વઇષ્ણવ સર્વે રળીયાતજ થયા. મંડળીક. ૩
એ હરીજનનો મહીમા રહ્યો, રાય મંડળીકે પોતે લહ્યો;
સભા સર્વજન બોલે પેર, મેહેતાજી પધારો ઘેર. મંડળીક. ૪
સખીયો સહીત ઉઠયા તેણીવાર, સરવ બોલે ત્યાં જયજયકાર;
મેહેતાજી આવ્યા મંદીર માંહે, વઇષ્ણવજને વધાવ્યા તાંહે;
નરસઇયો કહે જપો હરી નામ, દામોદરને કરો પ્રણામ. મંડળીક. ૫

પદ ૧૦૮ રાગ આશાવરી.

સંવત પંદર બારોતરામા, ચઇતર શુદ સપ્તમી રવીવારરે;
અતી આનંદે માળા ગાઇ, નરસઇયો ઉતર્યો પારરે. સંવત પંદર. ૧
વઇધૃત વ્યતીપાત એકાદશી દીન, વઇષ્ણવ મુખ સાંભળાયરે;
અગર અગોચર પાતક તેનાં, તે સઘળાં બળી જાયરે સંવત પંદર. ૨

જે જન સાંભળે ભાવ ધરીને, નરનારી દુખિયાં ન થાયરે;
ભણે નરસૈંયો તે વઇકુંઠમાં, ગરૂડે ચડીને જાયરે. સંવત પંદર. ૩

ઇતિ હારમાળાનાં પદો સંપુર્ણ.

પદ ૧૦૯ રાગ રામગ્રી.

પઢોરે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવી પાંજરૂ, મુખે રામ જપાવે. પઢોરે પોપટ. ૧
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરૂ, હીરા રતને જડાવું. પઢોરે પોપટ. ૨
પોપટ તારે કારણે, શી શી રસોઇ બનાવું;
સાકરનાં કરી ચુરમાં, ઉપર ઘી પીરસાવું. પઢોરે પોપટ. ૩
પાંખ પીળી ને પગ પાકુરા, કોટે કાંઠલો કાળો;
નરસઈના સ્વામીને ભજે, રાગ તાણી રૂપાળો. પઢોરે પોપટ. ૪

પદ ૧૧૦.

કોણ એ સમાના કામની, દત ફળિયલ રામા;
દ્રોપદીની લજ્જા રાખવા, હરી ઉભા છે સામા. કોણ એ. ૧
વાલોજી ગયાતારે વાડીયે, સરવે સુંદરી સાથે;
સેલડીનો સાંઠો છોલતા, છરી બેઠી છે હાથે. કોણ એ. ૨
નાનીતી મંદીર પધારીયા, ચીથરીરે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરીયુ, હરિને પાટો બાધવા. કોણ એ. ૩
ત્રીકમ તેના તાતણા, લખી રાખ્યા છે લેખે;
નવશે નવાણું ચીર પુરીયા, સઘળો સંભારે દેખે. કોણ એ. ૪
ગરૂડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભકત ઉદ્ધારણ બુધરો, મેહેતા નરસઇનો સ્વામી. કોણ એ. ૫

પદ ૧૧૧.

આવો અમારે દેશડે, મીઠા મોહન માવા;
દહીં દુધને વળી ઘત ઘણું, ખીરમાં ખાંડ ખાવા. આવો અમારે. ૧
રશોઇ કરી ભાત ભાતની કાન તમારે કાજે;
પ્રીતમ પોતે પધારિયે, કૃપા કરીને આજે. આવો અમારે. ૨
ગંગાજળ મેં તો ગરમ કરયું, નાથ તમારે નાવા;
આપુ પીતાંબર પેહેરવા, ચાલો પરસાદ પાવા. આવો અમારે. ૩
અરજ સુણી અલબેલડો, પ્રેમે આવ્યા છે ધાઈ;
ગોપીઓ દેખી ઘેલી થઈ, અતી મન હરખાઇ. આવો અમારે. ૪
ભાવેથી ભોજન જમાડીયાં, બીડી પાનની દીધી;
ઘણા દીવસની ગોઠડી, કાન આગળ કીધી. આવો અમારે. ૫
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહી દેઉં જાવા;
નરસૈના સ્વામી શામળા, ચાલો ગોકુળ માવા. આવો અમારે. ૬

પદ ૧૧૨

સુખ દુઃખ મનમાં ન આણીયે, ઘટ સાથેરે ઘડીયાં,
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખ દુઃખ૦ ૧

નળરાજા સરખો નર નહી, દમયંતી રાણી;
આડધે વસ્ત્ર વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્નને પાણી. સુખ દુઃખ ૨
પાંચ પાંડવ સરખા બાંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં નયણે નિંદ્રા ન આણી. સુખ દુઃખ. ૩
સીતાજી સરખી સતી નહી, જેને રામચંદ્ર સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ. ૪
રાવણ સરખો રાજીયો જેને, મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુંટાણી. સુખ દુઃખ. ૫
હરિશ્ચંદ્રરાય સત્યવાદીયો, તારાલોચના રાણી:
તેને વિપત પડી ઘણી ભરીયાં નિચ ઘેર પાણી. સુખ દુઃખ. ૬
સગાળશા શેઠ વેહેવારીયો, ચંપાવતી રાણી,
કુંવર કેલૈયો વધેરીયો, નયણે ન આણ્યાં પાણી. સુખ દુઃખ. ૭
શિવજી સરખા સતા નહી, જેને પારવતી રાણી;
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુઃખ. ૮
હનુમાન સરખો મહાજતી, જેને વજર કછોટો;
જાણ્યું તું રાજ આપશે, આપ્યો તેલ કચોલો સુખ દુઃખ ૯
દુઃખ પડ્યું સર્વે દેવને, સમરયા અંતરજામી;
ભક્તવત્સળ ભુધરો, મેહેતા નરસૈનો સ્વામી. સુખ દુઃખ ૧૦

પદ ૧૧૩.

ગુરૂપદ વંદીરે વાણી ઓચરૂરે, હું છુ બાળક અશુદ્ધ અજાણ.
અપરાધ ક્ષામુરે, મા જોશો દયાનિધીરે, બોલ્યું અબોલ્યું કરજો પ્રમાણ. ગુરૂપદ. ૧
ભવસાગરમાંરે ગુરૂનાવે હું ચઢયોરે, સહજમાં આવ્યા સાગર પાર;
હોડા ને હિલ્લોળાતોરે, મુજને નવ નડ્યારે, સદગુરૂ સાવધ હાંકણહાર. ગુરૂ પદ. ૨
વેપાર તો કીધોરે, હરી નામનોરે, કીધા ગુરૂ રૂપી દલાલ;
માલ વહોરાવ્યોરે, સુગમ સોધો કરીરે, આ ભવમાં કીધો ન્યાલ. ગુરૂ પદ. ૩
ગુરૂ મહીમાનોરે, પાર હું કેમ લહુરે, થાકી સરસ્વતી થાક્યા વેદ;
શીવ સનકાદિકરે, વરણી નવ શકયારે, (એવો) ભારે ગુરૂ ગુણનો ભેદ. ગુરૂ પદ. ૪
ગોવિન્દથી અદકારે સદગુરૂ ગુણનિધીરે અધમ ઉધારણ કહાવે નામ;
તનમન અરપીરે, સેવા સદા કરૂરે, નમી નરસિંહ કરે છે પ્રણામ.

પદ ૧૧૪.

એક તું એક તું એમ સૌકો સ્તવે, કોણ હું તે નહી કો વિચારે,
કોણ છું કયાં થકી આવીયો જગ વિશે જઇશ કયાં છુટશે દેહ ત્યારે. ૧
પ્રતિદિને જડ કને જઇ યાચતો, ઇશ તું સાહ્ય થાજે સદારે;
તોય પણ દુઃખ તો લેશ ટળતું નથી, નથી નથી થાકતો તું કદારે. ૨
કોઇ તો ઉર્દ્ધ મુખ ગગનમાં તાકતો ભાખતો જોઉં હું મન વાણી;
કોણ હું કો કને માંગુ શા હક થકી તે નથી જાણતો મુર્ખ પ્રાણી. ૩
એમ કરતાં કદી લાભ જો પામિયો, (તો) કહે હરિતણી સાહ્ય થઇરે;
કામ કથલ્યા થકી ભક્તિને ભાંડતો, પુર્વના કર્મનું નામ લેરે. ૪
પુર્વના કર્મ જો હરી ભજે નવ ટળે, તો કહો કોણ તે કામ કરશે;

આપ સમજી કહી પરમ પદ પરખશે, આપ ભય ભર્મને તેજ હરશે. ૫

આકના વૃક્ષથી આમફલ તેડવા, મુરખો જો કદી આશ ધરશે;
એમ મથા તેહનો તો જઇ જગ ત્રિશે, જ્ઞાન હીણો સદા તેજ હરશે. ૬
જીવ ઇશ્વર અને બ્રહ્મના ભર્મમાં, સત્ય વસ્તુ નહી સંધ જડશે;
હું અને તું પણ તજશ નરસિંહનો, ગુરૂ તમે હર્ષથી પાર પડશે. ૭

પદ ૧૧૫ રાગ મલાર.

ઉમીરે આળસ મોડે આ જોને કોઈ ઉભી આળસ મોડે; ટેક.
આછો સાળુ શીરપર ઓઢયો, રંગ ભર્યા છે થોડે થોડે આ જોને કોઇ. ૧
ચરણુમાં નેપુર રૂમઝુમ બોલે, હીંડે છે વાકે અંબોડે. આ જોને કોઈ. ૨
સોનાની ઝારી સરસ આ ભારી, માહી નીર ગંગાજળ જોડે. આ જોને કોઇ. ૩
મેહતા નરસૈયાને પાણી પાવા, મારો વાલોજી આવ્યા છે હોડે. આ જોને કોઈ. ૪

પદ ૧૧૬.

મોહ્યા છે મુનીવર રાયરે ગોરી તારે તાજુડે, મોહ્યા છે મુનીવર રાયરે ટેક
રૂપ સંક્રામક દીસે છે સુંદરી, આદ્ય ઈશ્વરી મોટી માયારે. ગોરી તારે. ૧
આરે વેણુ તમે કયારે ગુથવી, સણુગટ વાળ્યો સુધારા;
આ કચવો તમે શીવડાવ્યો, માંડ છે વ્રજ કેરી નારીરે. ગોરી તારે. ૨
રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે, ઘુઘરીયો માંહી ઘમકેરે;
હાર ગળામાં એણીપેર ઓપે, ગગનમાં વીજળી ચમકેરે. ગોરી તારે. ૩
તિલવટ આડ કેસરની કીધી મૃગમદ ટીલડી કરેલીરે;
આંખલડી તારી અતી અણીયાળી, લીલાભા હીંડે લાડ ઘેલીરે. ગોરી તારે. ૪
ચંચળ દ્રષ્ટે ચારે દીશ જાતી, ચિત ચોરવાનો છે ચાળોરે;
નહીં અબળા એ મેહેતા નરસેનો સ્વામી, સુંદરીનું વદન નીહાળોરે. ગોરી તારે. ૫

પદ ૧૧૭.

હરી આવ્યા છે નારીને વેશેરે, એને કોઈ જુવોરે,
શિવ બ્રહ્મ જેનું ધ્યાન ધરે છે, એને જોઈ દુઃખડાં ખુવોરે. એને કોઇ. ૧
માત પીતા એના મનમાં વિમાસે એ ઇહાં કયાથી આવીરે;
અચરત સરખું સહુકોને લાગે, એનો જળની ઝરી કયાંથી લાવીરે. એને કોઇ. ૨
બાઈ પોતાનો તત્ક્ષણ ઉઠયો, આવ્યો છે મંદીર જાણી;
રતનબાઇ ઘરમાં વ્યાકુળ ફરેછે લ્યો પીઓ મેહેતાજી તમે પાણીરે. એને કોઈ. ૩
પુત્રિને પરમેશ્વર જાણી, સભાની મધ્યે આણીરે,
અંતરધ્યાન થયા અલબેલો, ત્યારે વાત તે સઘળી જાણીરે. એને કોઇ. ૪
જયજયકાર થયો જુગ બધે સહુને, હરખ વાધ્યો ઘણો હઇયેરે;
માનબાઈના સ્વામીની સંગે રમતાં એના ચરણુ કમળમાં રહીયેરે. એને કોઇ. ૫

જમુનાં નદીમાં કૃષ્ણુ પડયા ત્યારે નાગણો કહે છે.

પદ ૧૮—રાગ પ્રભાત.

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે, મને બાળ હત્યા લાગશે. જળકમળ. ૧
કહેરે બાળક તું મારગ ભુલ્યો, કે તારા વેરીએ વળાવીયો;
નિશ્ચે તારો કાળ જ ખુટયો, અહીંયાં તે શીદ આવીયો. જળકમળ. ૨

નથી નાગણ હું મારગ ભુલ્યો, નથી આવ્યો વેરીએ વળાવીયો;
મથુરાં નગરીમાં જુગટુ રમતાં, નાગનું શીશ હારીયો. જળકમળ. ૩
રંગે રૂડો રૂપે પુરો, દીસતો કોડીલ કોડામણો;
તારી માતાએ કેટલાક જનમ્યા, તેમાં તું અળખામણો. જળકમળ ૪
મારી માતાએ બેહુ જનમ્યા, તેમા હું નટવર નાહાનડો;
જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કહાનડો. જળકમળ. ૫
લાખ સવાનો મારો હાર આપું, આપુંરે તુજને દોરીયો;
એટલું મારા નાગથી છાંનુ, આપું તુજને ચોરીયો. જળકમળ. ૬
શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારી દોરીયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીયો. જળકમળ. ૭
ચરણ ચાંપી મુછ મરડી, નાગણે નાગ જગાડીયો;
ઉઠોને બળવંત કોઇ, બારણે બાળક આવીયો. જળકમળ. ૮
બેઉ બળીયા બાથે વળીયા, કૃષ્ણે કાળિનાગ નાથીયો:
સહસ્ર ફેણે ફુંફવે જેમ, ગગન ગાજે હાથીયો. જળકમળ ૯
નાગણ શા વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે,
મથુરાં નગરીમાં લઇ જશે, પછી નાગનું શીશ કાપશે. જળકમળ. ૧૦
બેઉ કરજોડીને વીનવે સ્વામી, મુકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને. જળકમળ. ૧૧
થાળ ભરી શગમોતીયે, શ્રીકૃષ્ણનેરે વધાવીયો;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવીયો. જળકમળ ૧૨

કૃષ્ણના મેળાપ વિશે.

પદ ૧૧૯.

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યારે,
મોટ મોટે મોટે મેતી, મોતીડે વધાવ્યારે હળવે હળવે. ૧
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધુંરે;
લીધું લીધું લીધું મારૂં, ચિતડું ચોરી લીધુંરે. હળવે હળવે. ૨
જાગી જાગી જાગી હું તો, હરી મુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા ભવની ભાવટ ભાગીરે. હળવે હળવે. ૩
ફુલી ફુલી ફુલી હું તો, હરિમુખ જોઇ ફુલીરે;
ભુલી ભુલી ભુલી સારા, ઘરનો ધંધો ભુલીરે. હળવે હળવે. ૪
પામી પામી પામી હું તો, મહાપદવીને પામીરે;
મળીયો મળીયો મળીયો મેહેતા, નરસઇયાનો સ્વામીરે હળવે હળવે. ૫

ઇતિ નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં

સમાપ્ત.

જાહેર ખબર.

પુસ્તકોનાં નામ.

નામ.	કિંમત.	નામ.	કિંમત.
કાવ્યદોહન મોટું ભા ૧-૨-૩	૦-૮-૦	શિવસાર ૭ ખંડ	૦-૧૪-૦
દયારામકૃત ન્હાનું.	૦-[illegible]-૦	આનંદવિનોદ.	૦-૩-૦
છોટમકૃત કીર્તનમાળા	૦-૪-૦	ભોજરાજા અને કવિ કાળીદાસ.	૦-૨-૦
પ્રભાત સંગ્રહ મોટું (હારમાળા વિગેરે)	૦-૨-૦	અકબર અને બીરબલની વાર્તાઓના ભાગ ૧ થી ૧૨ સુધી કિંમત	૦-૮-૦
નિત્યનિયમનાં કીર્તન (વરસ આખાનાં)	૧-૪-૦	સુડાબોહોતેરીની વારતા (૭૨)	૧-૦-૦
બાળબાવાનાં પદ સંગ્રહ.	૦-૧૦-૦	બત્રીસ પુતળીની વારતા (૧૦૦)	૧-૪-૦
ધોળ તથા પદ સંગ્રહ પુષ્ટિ માર્ગનાં.	૦-૪-૦	મડાપચીસીની વારતા.	
ઉપદેશચિંતામણી.	૦-૪-૦	બરાસકસ્તુરીની વારતા.	૦-૧-૦
જ્ઞાનઉપદેશ (કબીર વગેરેના પદ.)	૦-૧-૦	મેનાપોપટની વારતા.	૦-૧-૦
પાંડવાશ્વમેધ પ્રાકૃતમાં (દુહા ચોપાઈ)	૧-૦-૦	પંચદંડની વારતા	૦-૧-૦
ભાગવતસાર મોટું (વલ્લભકૃત)	૩-૦-૦	કાષ્ટના ઘોડાની વારતા.	૦-૧-૦
એકાદશી કથા (૨૬ રેવાશંકરકૃત)	૦-૧૨-૦	સ્ત્રીચરિત્રની વારતા.	૦-૪-૦
નળાખ્યાન (પ્રેમાનંદ કૃત).	૦-૭-૦	અકાની વારતા	[illegible]
ધ્રુવાખ્યાન.	૦-૩-૦	વિક્રમ ચરિત્રની વારતા.	૦-૨-૦
ઓખાહરણ મોટું (પ્રેમાનંદ કૃત)	૦-૮-૦	ભાભારામની વારતા.	૦-૨-૦
ગરબો મોટો (વલ્લભ કૃત)	૦-૪-૦	અબોલા રાણીની વારતા.	૦-૧-૦
ગરબો નાનો.	૦-૩-૦	નંદબત્રીસીની વારતા.	૦-૧-૦
ગિરધરકૃત રામાયણ મોટું.	૨-૦-૦	ગજરામારૂની વારતા.	૦-૧-૦
ગિરધરકૃત રામાયણ વચલા ટાઈપનું	૧-[illegible]	ગુલબંકાવલીની વારતા.	૦-૨-૦
ગિરધરકૃત નાનું.	૦-૮-૦	સદેવંત સાવળીંગાની વારતા.	૦-૨-૦
રામાશ્વમેધ (ગણપતરામ કૃત)	૧-૦-૦	સુંદર કામદારની વારતા	૦-૨-૦
ગિરધરકૃત કૃષ્ણચરિત્ર (ગોકુળ લીલા મથુરા લીલા દ્વારકાં લીલા દશમસ્કંધ)	૧-૪-૦		

ઉપર લખેલાં પુસ્તકો ઉપરાંત અમારી પુસ્તકાલયમાં મુંબઈ વિગેરે બીજાં ઘણાં પ્રસિદ્ધ શહેરોમાં છપાયેલાં પુસ્તકો વેચાય છે માટે વધારે માહિતી મેળવવા ફકત એકજ પૈસાનું કાર્ડ લખી અમારે ત્યાં મળતાં દરેક જાતનાં પુસ્તકોનું મોટું સુચિપત્ર મંગાવો, સામટાં ખરીદ કરનારને સારૂ કમીશન આપવામાં આવશે.

બુકસેલર—હરગોવનદાસ હરજીવનદાસ

ઠે. ત્રણ દરવાજા—અમદાવાદ.

દુકાન નંબર, ૩૬૧૭